વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૧, અંક : ૭, સપ્ટેમ્બર-૨૦૧૦ છુટક નકલ કિંમત રૂા.૫-૦૦



બારબારણાંના હિંડોળામાં બાર સ્વરૂપે
ઝુલતા બાલ ઘનશ્યામ - અક્ષરભુવન (નીચે)



અક્ષરભુવન ઉપરના માળે હિમાલયની છબી



અક્ષરભુવન ઉપરના માળે
પ્રાકૃતિક સૌંદર્ય નિહાળતા રાજાધિરાજ શ્રીહરિ




થરમોકોલની અદ્‌ભુત કોતરણીથી સુશોભિત વડતાલ મંદિર અને તેમાં સોના-ચાંદી અને કાષ્ટના હિંડોળામાં ઝુલતા શ્રીહરિ

# શ્રી સ્વામિનારાયણ મંદિર ભૂલેશ્વરમાં હિન્ડોળાની ઝાંખી















**શ્રી સ્વામિનારાયણ મંદિર ભૂલેશ્વર (મુંબઈ) માં હિન્ડોળા ઉત્સવનું ઉદ્‌ઘાટન કરતા વડતાલ સંસ્થાન મેનેજીંગ ટ્રસ્ટીબોર્ડના ચેરમેનશ્રી પ.પૂ. ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી તથા મૂખ્ય કોઠારી શ્રી પ.પૂ. શ્રી નિલકંઠચરણદાસજી સ્વામી તથા વસંતભાઈ વગેરે આગેવાન હરીભક્તો - સત્સંગસભામાં આશીર્વાદ આપતા ભૂલેશ્વર મંદિરના કોઠારી શ્રી પૂ. સંતદાસજી સ્વામી**

વેબ સાઈટ :
www.vadtal.com

E-mail address :
vsm@vadtal.com
vsm191@yahoo.co.in

: તંત્રીશ્રી :
પ. ભ. મુખ્ય કોઠારીશ્રી
શા. સ્વા. નિલકંઠચરણદાસજી
ગુ. સ્વા. હરિજીવનદાસજી


શ્રી સ્વામિનારાયણ મંદિર
સંસ્થાન વડતાલ - ૩૮૭૩૭૫
તા.નડીયાદ, જી.ખેડા (ગુજરાત)
ફોન : (૦૨૬૮) ૨૫૮૯૭૨૮
૨૫૮૯૭૭૬


**-: લવાજમ :-**

ભારતમાં.. વાર્ષિક : રૂા. ૩૦/-
આજીવન : રૂા.૫૦૦/-

વિદેશમાં
આજીવન : રૂા. ૫૦૦૦/-


વર્ષ : ૧
અંક : ૭
સપ્ટેમ્બર - ૨૦૧૦




॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

છુટક નકલ કિંમત રૂા.૫-૦૦

## (જળઝીલણી પદ)

### રાગ ગરબી પદ-૨

શ્યામ ઝીલાવા ઘનશ્યામ ઝીલાવા,
આવ્યા મુનિ ઉમંગમાં રે...ટેક
નિરખ્યા નેણાં ભરી ધર્મકુંવરને,
પ્રેમનથી માતો અંગમાં રે...ઘન
મુનિ મંડળ ભેળાં ઝીલે છે નીરમાં,
રસિયો ઉછાળે જળ રંગમાં રે...ઘન
અખિલ ભુવન પતિ નટવર નાગર,
શોભે મુનિના સંગમાં રે...ઘન
પ્રેમાનંદ કહે કરે પુષ્પની વૃષ્ટિ,
સુર વિમાન બઢિ ખંમા રે...ઘન


માલિક, મુદ્રક અને પ્રકાશક :- વડતાલ ટેમ્પલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી શ્રી સ્વામિનારાયણ મંદિર-વડતાલના મુખ્ય કોઠારીશ્રી શા. સ્વા. શ્રી નિલકંઠચરણદાસજી ગુ. સ્વા. શ્રી હરિજીવનદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર-વડતાલ માટે શ્રી લક્ષ્મીનારાયણ દેવ ઓફસેટ પ્રેસ-વડતાલ-૩૮૭૩૭૫ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર-વડતાલ-૩૮૭૩૭૫, તા.નડીયાદ, જી.ખેડા (ગુજરાત) ખાતે પ્રકાશિત કર્યું.

# મોહ

- પ. પૂ. સદ્. શ્રી નિલકંઠચરણદાસજી - મુખ્ય કોઠારીશ્રી, વડતાલ.

''મોહ'' શબ્દ સંસ્કૃતના મુહ્ ધાતુ ઉપરથી બનેલો છે મુહ (મોહ)નો અર્થ થાય છે, મૂર્છિત થવું, બેભાન થવું, મૂંઢ બનવું, અચેતન થવું.

કોઈ વ્યક્તિને શારીરિક ઈજા થાય છે ત્યારે વ્યકિત બેભાન બની જાય છે, તેની બાહ્ય ચેતનાનો લોપ થાય છે ત્યારે તે અવસ્થાને આપણે મૂર્છા કહીએ છીએ પરંતુ મોહ એ જુદી ઘટના છે. મોહ દરમ્યાન વ્યક્તિ બાહ્ય રીતે બેભાન બનતી નથી પરંતુ માનસિક રીતે તે બેભાન બની જાય છે, એક પ્રકારની સૂક્ષ્મમૂર્છા છે. શારીરિક ઈજાથી બેભાન બનેલી વ્યક્તિ મૂર્છાને પામે છે, ત્યારે તેને શરીરની ખબર રહેતી નથી તેમ માનસિક રીતે મૂર્છા પામેલ વ્યક્તિને પણ માનસિક ખબર રહેતી નથી. મોહિત વ્યક્તિ માનસિક રીતે ઘવાયેલી હોય છે, જેમ શારિરીક મૂર્છા છે તેમ માનસિક મૂર્છા છે આ મૂર્છાને મોહ કહીએ. જે વ્યક્તિને મોહ વ્યાપે છે તેને સાર અસારનો વિવેક રહેતો નથી, આ કરવા યોગ્ય છે કે આ કરવા યોગ્ય નથી એવો વિવેક રહેતો નથી તેનું નામ'મોહ' છે.

ગઢડા મધ્ય પ્રકરણના પહેલા વચનામૃતમાં શ્રી મુક્તાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો કે હે મહારાજ ! મોહનું શું રૂપ છે (લક્ષણ) ? તેનો ઉત્તર આપતા શ્રીજી મહારાજ કહે છે કે, 'મોહ'નું રૂપતો મનને વિશે ભ્રાંતિ જેવું થઈ જાય છે તે જણાય છે, જ્યારે પુરૂષના હૃદયમાં (ચિત્તમાં) મોહ વૃદ્ધિને પામે છે ત્યારે મનમાં વિભ્રાંતિ વિશેષ થાય છે પછી આ કરવા યોગ્ય છે ને આ કરવા યોગ્ય નથી એવો વિવેક રહેતો નથી તેનું નામ'મોહ' છે.

ઉપરોક્ત મોહની વ્યાખ્યા શ્રીજી મહારાજે કરી છે, માટે જ્યારે માનસિક વિવેક રહેતો નથી ત્યારે તે વ્યક્તિ માનસિક મૂર્છિત છે અર્થાત મોહિત છે. આપણા મગજના કેન્દ્રમાં સાર અસારનો વિવેક હોય છે, આ વિવેક ઝાંખો પાડી દેવા પ્રકૃતિ (માયા) એક તરકીબ અજમાવે છે, આ તરકીબ તે જ મોહ છે. મોહિત વ્યક્તિ વિવેકહીન થઈ જાય છે. મોહિત હોવા છતાં પણ જ્ઞાની વ્યક્તિને પણ આ કરવા યોગ્ય એવો વિવેક રહેતો નથી. મોહિત વ્યક્તિને જ્ઞાન નથી હોતું એવું નથી. જ્ઞાની મહાત્માઓ પણ મોહ પામ્યા છે. બ્રહ્માનંદ સ્વામીએ કિર્તનમાં લખ્યુ છે.

'યોગ કરંતે યોગી મોહે વન મેં મોહે તપ ધારી,
વેદ પઢંતે પંડિત મોહે ભુલ ગયે શુદ્ધ સારી,
અહો પ્રભુ અચરજ માયા તુમારી

યોગીઓ, તપસ્વીઓ અને પંડિતો પણ મોહ પામ્યા છે,'

મોહ અને અજ્ઞાનમાં ભેદ છે. જ્ઞાન થતા અજ્ઞાન છુટી જાય છે, જ્યારે મોહ તો જ્ઞાનીને પણ થાય છે, મોહાવસ્થામાં ત્રણ ઘટનાઓ એક સાથે બને છે.

(૧) મનોમય ભૂમિકા પર સૂક્ષ્મ અને આંશિક બેભાનવસ્થા આવે છે.

(૨) વિવેક ઝાંખો પડી જાય છે, વ્યક્તિની સારાસારનો નિર્ણય કરવાની શક્તિ મંદ પડી જાય છે.

(૩) જે જ્યાં નથી ત્યાં તેનું દર્શન થાય છે.

મોહાવસ્થા દરમ્યાન ઘટતી આ ત્રણે ઘટનાઓનું સ્વરૂપ જોતાં મોહાવસ્થાને એક પ્રકારની સૂક્ષ્મ મનોમય મૂર્છા ગણવામાં આવે તો તેમાં કશું ખોટુ નથી.

મોહ આપણા ચિત્તમાં ક્યારે ઉપસ્થિત થાય છે, અને શા માટે ઉપસ્થિત થાય છે ?

મોહની ઘટના પ્રકૃતિની એક ચાલબાજી છે. મોહની સમગ્ર ઘટનાને સમજવાથી આપણે આ ચાલબાજીની કારણ મીમાંસા તેના સ્વરૂપને સમજી શકીશું. માનવ ચિત્તમાં અનેક અવનવી અને અટપટી ઈચ્છાઓ હોય છે. આ ઈચ્છાઓમાંથી ઘણી ઈચ્છાઓ ઉચિત કહેતા યોગ્ય હોય છે. નીતિ માન્ય હોય છે. સમાજ માન્ય હોય છે, તેથી તેમની મુક્તિ સહજ સરળ રીતે કરી શકાય છે. દા. ત. સફરજન ખાવાની ઈચ્છા થઈને સફરજન ખાધુ ઉચિત ઈચ્છા છે. પરંતુ બધી ઈચ્છાઓ આવી હોતી નથી. ઘણી ઈચ્છાઓ એવી પણ હોય છે જે અનુચિત (અયોગ્ય) હોય છે. નીતિ માન્ય હોતી નથી. સમાજ માન્ય હોતી નથી.

# શ્રીહરિના લીલાચરિત્રની વાતો

- પ. પૂ. શ્રી ધર્મજીવનદાસજી સ્વામી - વડતાલ

ભગવાન શ્રી સહજાનંદ સ્વામીના ચરિત્ર પરમપુનિત છે. જે મનુષ્ય અતિ શ્રદ્ધાના ભાવથી તેને સાંભળે છે તેવું ચિત્ત અત્યન્ત નિર્મળ થાય છે. મનુષ્ય જેમજેમઆ ચરિત્રોને વારંવાર સાંભળે છે તેમતેમતેનું મન નિર્મળ થાય છે અને શ્રીહરિની મૂર્તિ પ્યારી લાગે છે.

શ્રીહરિના ચરિત્રો અનન્ત જન્મોના પાપોનો નાશ કરીને મોક્ષ અપાવનારા છે. જે મનુષ્યને મોક્ષનો ખપ હોય તેને માટે તો શ્રીહરિના ચરિત્રો જહાજ જેવા છે.

મુમુક્ષુઓને સંસાર સાગરથી તારવાને માટે શ્રીહરિએ અનંત ચરિત્રો કર્યા છે. શ્રીહરિના ચરિત્રો વિના આ સંસારનો પાર પામી શકાતો નથી. તેના વિના વારંવાર જન્મમરણ થયા કરે છે. અને લખચોરાશી તથા જમપુરીના દુઃખ વારંવાર આવ્યા કરે છે. તે દુઃખોથી જેને ત્રાસ લાગતો હોય તેને શ્રીહરિના ચરિત્રોની તરશ લાગે છે. અનંત પ્રકારના જે વ્યાધિ હોય છે તેનો વિનાશ પણ હરિચરિત્રોથી તત્કાળ થાય છે.

શ્રીહરિના ચરિત્રો સારમાં સારરૂપ છે જે તે હરિચરિત્રોનું સ્મરણ કરે છે તે અખંડ આનંદ ઉલ્લાસને માણતો રહે છે તે ચરિત્રો સિવાયનું રાજપાટ કે પુત્ર પરિવાર વગેરે જે કાંઈ સારુ માનવામાં આવે છે. તે હકીકતમાં મૂર્તિમાન દુઃખ જ છે અને પાપ કરનારું છે પણ તે કોઈને નજરમાં આવતું નથી.

સોનાને દેખીને માણસનું મન તેમાં અતિશય લલચાય જાય છે પણ સોનામાં જે મોત રહ્યું છે તે કોઈને દેખાતું નથી. જે વસ્તુમાં જેટલુ દુઃખ રહ્યું છે તેને સમજનારો જ્ઞાની મનુષ્ય તેનો તત્કાળ ત્યાગ કરી દે છે.

ભૌતિક સુખમાં દુઃખ અપાર રહ્યું હોય છે. જેટલું સારું દેખાતું હોય તેમાં દુઃખ, તેટલું વધારે હોય છે. છતાં અવિવેકીને તેમાં કાંઈ ગમપડતી નથી અને શોભા જાણીને ગ્રહણ કરે છે. દ્રવ્ય જડ છે. તે ચેતન જીવને જડરૂપ કરી દે છે. સત્યને ઢાંકી દેનારી માયાની આવરણ શક્તિ ઘણી બળવાન છે તે પ્રત્યેક મનુષ્યના હૃદયમાં છુપાઈને રહી છે. માટે વ્હાલા ભક્તો લખચોરાશીથી મુકાવા, જમપુરીથી બચવા અને માયાને તરવા માટે હરિચરિત્રા પરમ સાધનરૂપ છે.



વ્હાલા ભક્તો, એકવાર શ્રીજી મહારાજ વડતાલમાં લક્ષ્મીનારાયણ દેવનું મંદિર કરતા હતા. તે સમે મંદિરમાં પત્થર જોઈએ તે પત્થર ખંભાતથી આવે અને બીજે કંઈ આવવાનો દ્વાર નહી તો ખંભાતમાં પત્થરનું દાણ નવાબ સાહેબ લેતા હતા. તેથી ઘણો ખર્ચ થાય. એમજાણીને ઓટા બરોબર જે સમે મંદિર થયું તે સમે ગામમહુધાના અમીન પાટીદાર અજુભાઈ આવેલા તે સત્સંગી ખરા ને લોકપ્રસીદ્ધ પણ ખરા. તેમને મહારાજ કહે જે તમે ઘોડે બેસી બે મનુષ્ય આપીએ તે લઈને ખંભાત નવા સાહેબ પાસે જાવ ને ત્યાં જઈ પત્થરનું દાણ માફ કરાવો. એવું મહારાજનું વચન સાંભળીને અજુભાઈ બાપો કહે, જે હે મહારાજ ! મારે તો એ રાજ્યમાં ઓળખાણ નથી. ત્યારે મહારાજ કહે જે તમે જાવ તો ખરા તમારી ભેગો હું છું. એમકહીને અજુભાઈ બાપાને ખંભાત મોકલ્યા તે ખંભાતમાં જાતા જાતા ઘોડી ભડકી તેથી બાપા પડી ગયા ને પગ ઉતરી ગયો તે ઉપાડીને સ્વામિનારાયણની ઓરડી કહેવાતી ત્યાં લાવીને ઉતાર્યા ને નવાબનો એક તુલસીદાસ કરીને વૈરાગી હતો તે ઔષધ કરે અને વૈદ્ય કહેવાય તેથી દરરોજ નવાબ

સાહેબ મેનો તેડવા સારુ મોકલે ને તે ત્યાં ઔષધ કરવા જાય અને એ (તુલસીદાસ) પહેલા આપણા સંપ્રદાયમાં હતા અને તેમનું નામચક્રધરાનંદ હતુ તેથી તેમને હરિજને ખબર કરી જે હે તુલસીદાસજી અમારા એક વડતાલથી હરિજન આવેલા છે તેમનું નામઅજુભાઈ બાપા કહેવાય છે તે આવતા ઘોડી ઉપરથી પડી ગયા છે. તેથી એમને પગ ઉતરી ગયો છે. તે તમને અમે બોલાવા સારું આવ્યા છીએ ત્યારે તે તુલસીદાસજી સ્વામિનારાયણ નામથી એ ઓરડીએ આવ્યા ત્યાં તો અજુભાઈ બાપાને એમને ઓળખ્યા ને પછે પગ ચઢાવ્યો ત્યાર પછી બધી હકીકત પુછી ત્યારે અજુભાઈએ કહ્યું જે, ‘હું દાણ (કરવેરો) માફ કરાવવા આવ્યો છું.’ ત્યારે તુલસીદાસજી કહે જે જો તમે મને સ્વામિનારાયણ પાસે રખાવો તો હું મારી મિલકતે સહિત આવુ અને તમારું દાણ તત્કાળ માફ કરાવું. ત્યારે અજુભાઈ બાપા કહે જે સ્વામિનારાયણ પાસે રખાવવા એ મારું કામત્યારે એ તુલસીદાસ કહે જે તમને હું સવારે તેડવા સારું મોકલું ત્યારે તમે આવજો. એમકહીને તુલસીદાસ ગયા ને બીજે દિવસે નવાબ સાહેબને ભેગા થઈને બધી હકીકત કહી ને બાપાને તેડવા સારું મેનો મોકલાવ્યો ને મેનામાં બેસીને નવાબ સાહેબ પાસે ગયા ને નવાબ સાહેબ સત્કાર કરીને બોલાવતા હવા. ત્યારે અજુભાઈ બાપા નવાબ સાહેબને સલામકરીને બેઠા. તે સમે તુલસીદાસે નવાબ સાહેબને કહ્યું જે આ તો મોટા મહુધા પ્રાંગણાના અમીન છે ને વરતાલમાં લક્ષ્મીનારાયણ દેવનું મંદિર થાય છે માટે આપણી પાસે તેના પત્થરનું દાણ માફ કરાવવું એટલા માટે આપણી પાસે આવ્યા છે. એવું સાંભળીને નવાબ સાહેબે તત્કાળ માફીનો લેખ કરી આપ્યો. તે લઈને બાપા ઓરડીયે આવ્યા ને તુલસીદાસજી પણ ત્યાં આવ્યા તે બંનેજણ ઠરાવ કરી એક ગાડી લઈ વરતાલે આવ્યા ને મહારાજ મંદિર કેડે સભામાં વિરાજમાન હતા તે સમે અજુભાઈ બાપાએ માફીનો લેખ મહારાજના હાથમાં આપ્યો તે જોઈને મહારાજ ઘણું રાજી થયા ને કહે જે બાપા તમે ઘણું સારું કર્યુ. ત્યારે બાપા કહે જે, હું શું સારું કરુ આપના પ્રતાપથી થયું છે. એમકહીને કહ્યું જે હે મહારાજ ! હું એક બંધનમાં આવ્યો છું. ત્યારે મહારાજ કહે જે શું બંધનમાં આવ્યો છો તે કહો. ત્યારે બાપાએ કહ્યું જે હે મહારાજ આપણા એક ચક્રધરાનંદ સાધુ હતા પણ વ્રતમાન કઠણ તેથી નિકળી ગયેલા. તોયપણ તમારુ ભજન કરતા હતા ને નવાબ સાહેબનું વૈદ્યુ કરતા હતા. તેથી દસવીસ હજાર રૂપિયા ભેગા કર્યા છે ને હું ત્યાં ગયો ને ત્યાં મારો પગ ઉતરી ગયો. તેમણે ચઢાવ્યો ને મને કહ્યું જે તમે મને મહારાજ પાસે રખાવો. ત્યારે મેં તેમને હા પાડીને અહીં તેડી લાવ્યો છું. એવું સાંભળીને મહારાજ કહે જે, આપણે એમના કામનથી. એવું મહારાજનું વચન સાંભળીને બાપા કહે જે હે મહારાજ ! તમારે ને અમારે છેલ્લીવારના જય સ્વામિનારાયણ. ત્યારે મહારાજ કહે જે એમકેમકહો છો ત્યારે બાપા કહે જે મારુ વચન ખોટું પડે છે. તેથી કહુ છું. ત્યારે મહારાજ કહે જે તેડી લાવો. ત્યારે તુલસીદાસજીને બાપા તેડી લાવ્યા ને મહારાજને પગે લાગ્યા ને પછીથી બાપાએ કહ્યું જે તમારી મિલકત જે છે તે લઈ આવો. એવું સાંભળીને તે સાધુ સર્વે મિલકત લઈને આવ્યા ને મહારાજે તેમનું નામમોરલ્યુ (પ્રથમનું) ચક્રધરાનંદ હતું તે કાયમરાખ્યું ને તેમની મિલકતથી મંદરનું કામસર્વે પુરુ કરાવતા હતા.


વ્હાલા ભક્તો ભગવાનના ચરિત્રમાં કેટલાય જીવનું કલ્યાણ હોય છે માટે આ ચરિત્રને વાંચીને વિચારવું કે મહારાજ જીવ ઉપર કેવી રીતે કેવા પ્રકારે ક્યારે ક્યારે કેવી કેવી દયા કરે છે. માટે આપણે પણ આમાંથી શીખવું. આવા ચરિત્રો યાદ રાખવા. જેથી વિપત્તિ કાળે ખૂબ જ આનંદપ્રદ બને.


# અંકના ગ્રાહક બનો અને બનાવો

## અંક વાંચો અને વંચાવો

# અધ્યાત્મ મંથન

- બ્રહ્મસ્વરૂપ સ્વામી ગુરૂવર્ય સ. ગુ. શા. સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી-ચેરમેનશ્રી વરતાલ સંસ્થાન



(ગતાંકથી ચાલુ)

## "સમજણ સાથે લક્ષ્ય રાખવું"

ભક્તો ! એક વાત હંમેશાં યાદ રાખવી કે, મંદિરમાં પ્રાધાન્યતા દેવની હોય છે, પણ દિવાલની નહિ. સ્કુલમાં મુખ્યતા વિદ્યાર્થીની હોય છે, પણ મોટી ભભકાદાર ઈમારતની નહિ. હોસ્પિટલમાં મુખ્યતા દર્દીની હોય છે, પણ દવાઓની નહિ.

દેવની ઉપેક્ષા કરીને કેવળ મંદિરની દિવાલ જ સાચવીને બેસી રહેનારને આપણે ડાહ્યો નહિ, પરંતુ મૂર્ખ કહીએ છીએ. વિદ્યાર્થીઓ આવે કે ન આવે એની પરવા કર્યા વિના કેવળ સ્કુલની ઈમારતને જ રંગરોગાન કર્યા કરે એવાને આપણે અક્કલવાન નહિ, પણ અક્કલહીન માનીએ છીએ. દર્દીઓ જીવે કે મરે એની ચિંતા કર્યા વિના કેવળ દવાઓ જ ભેગી કરનારા ડોકટોરોને આપણે બુદ્ધિમાન નહિ, પરંતુ બેવકૂફ જમાનીએ છીએ.

બસ, એ જ પ્રમાણે આપણે આપણા જીવાત્માની ચિંતા કર્યા વિના ફક્ત પંચવિષયો પાછળ જ જીવન બરબાદ કરી નાખીશું તો મહાપુરૂષો આપણને બુદ્ધિમાન સમજશે કે બેવકૂફ તે આપણે વિચારવાનું છે.

મંદિરનું લક્ષ્ય છે મૂર્તિ, સ્કુલનું લક્ષ્ય છે વિદ્યાર્થીઓ અને હોસ્પિટલનું લક્ષ્ય છે દર્દીઓ; એજ રીતે માનવ-જીવનનું મુખ્ય લક્ષ્ય છે મુક્તિ, શરીરની સજાવટ ને ભોગો પાછળ જ જીવન પૂરું કર્યું હોય તો સ્પષ્ટ સમજી લેવું કે મારો નંબર અક્કલવાનમાં નહિ; પરંતુ અક્કલહીનમાં આવ્યો છે. ગાડીમાં સામાન ચઢાવી દીધો હોય અને મુસાફર સ્ટેશન પર જ રહી જાય એવી હાલત લક્ષ્ય વિનાના માણસોની છે.

એકવાત યાદ રાખવી કે, ઉતાવળે આંબા ન પાકે, ઘઉંનો પોક ખાવો હોય તો બે-ત્રણ મહિને મળે, પરંતુ આંબાની પાકી કેરી ખાવી હોય તો ગોટલીને વાવ્યા પછી પાંચ-સાત વર્ષ સુધી રાહ જોવી પડે; તેમઆપણું લક્ષ્ય પ્રભુ-દર્શન જે અતિ મોટું છે એટલે કાંઈ બે-ચાર મહિના ધ્યાન-ભજન કરવાથી દર્શન ન થાય; લક્ષ્ય મોટું છે માટે પ્રયત્ન પણ બહુ કરવા પડે તે સમજી રાખવું જોઈએ.

સારંગપુરની બાજુમાં આવેલ પાણવી ગામના રજપૂત પુંજાભાઈ ડોડિયાએ થોડો પ્રયત્ન કર્યો અને ભગવાનનાં દર્શન ન થયાં તો ગોપનાથ મહાદેવના સમુદ્રમાં શિવલીંગને બાથ ભરીને સૂઈ ગયા જેથી સમુદ્રનું પાણી ખેંચી જાય. મરવા માટે આવા ત્રણવાર પ્રયત્નો કર્યા તેથી આકાશવાણી થઈ કે, 'ઘેર જા, તને પ્રગટ પ્રભુ મળશે.' પછી તેઓને સ્વામિનારાયણ ભગવાન મળ્યા. પીપલાણાના નરસિંહ મહેતાને તાત્કાલિક પ્રભુનાં દર્શન કરવાં હતાં તેથી ગિરનારના પહાડોમાં જઈ અન્ન-જળ છોડી બેસી ગયા ! તેને પણ આકાશવાણીએ કહ્યું કે, 'ઘેર જા, તારા ઘેર ભગવાન આવશે' પછી પ્રભુ તેઓના ઘેર પધાર્યા હતા ! આ પ્રસંગમાંથી એ સમજવાનું કે, દર્શન ન થાય તો મરવા તૈયાર નહિ થવાનું, પરંતુ વધારે ભજન-ભક્તિ કર્યા કરવાની તેથી પ્રભુ જલ્દી કૃપા કરી દર્શન દેવાં પધારે.

## "લક્ષ્ય વિનાનું જીવન"

જીવન ધ્યેય તો સંપૂર્ણ જીવન માટે છે. તેની પ્રાપ્તિ જીંદગી પર્યંતની જ વાત છે, પરંતુ તેની અસર આજથી જ રોજના જીવન પર જણાવવી જોઈએ. આપણું જીવન ધ્યેય આપણી યાત્રાની દિશા બાંધશે. એ દિશામાં આગળ ધપવા પ્રેરણા અને શક્તિ આપશે. દુઃખમાં સહનશીલતા અને સુખમાં વિવેક સુઝાડશે. તેમજ જીવનમાં અણધારી સફળતા અપાવશે.

આપણું જીવન ધ્યેય એ આપણું પ્રેરકબળ, આપણા ચારિત્ર્યનો પાયો અને આપણા વ્યક્તિત્વનું માપ છે. લખતા નથી એવા લેખકો, બોલતા નથી એવા વક્તાઓ, રમતા નથી એવા ખેલાડીઓ અને સંશોધન કરતા નથી એવા સંશોધકોથી દુનિયા ભરેલી છે, પરંતુ તેઓનું ધ્યેય નક્કી ન હોવાને કારણે આમ-તેમભટકીને જીવન-યાત્રાને ટલ્લે ચડાવી રહ્યા છે.

હાલમાં હિંદુસ્તાનની અંદર આશરે સાઠ લાખ સાધુ-બાવાઓ અને મહાપુરૂષો છે. અર્થાત્ સંસાર છોડીને ત્યાગી બનેલા આટલા બધા છે, પરંતુ તેઓને ખાનગીમાં પૂછશું કે, 'બાપુ ! તમારું લક્ષ્ય શું છે ? સંસાર છોડવા પાછળનું ધ્યેય શું છે ? તમોએ કશુંક નક્કી કર્યા પછી ત્યાગાશ્રમ સ્વીકાર્યો હશેને ?' આ પ્રશ્નનો જવાબ ૯૯ ટકા મૌનમાં જ મળશે.

અલાહાબાદ પ્રયાગરાજમાં, ઉજ્જૈનમાં, નાસિકમાં અને હરિદ્વારમાં કુંભમેળાઓ ભરાય છે ત્યારે લાખોની સંખ્યામાં સાધુ-સંન્યાસીઓ ત્યાં આવે છે. તેમાં ૯૯ ટકા સાધુઓનાં જીવન આપણે જોઈએ તો ખ્યાલ આવી જાય કે, આ ત્યાગીઓ પોતાના લક્ષ્ય વિનાના જીવનને ઢસડી રહ્યા છે. એક મેળામાંથી બીજા મેળામાં જવાનું અને એક આશ્રમમાં થોડા દિવસ રોકાઈ બીજા આશ્રમમાં જવાનું - આ રીતે જ જીવનને સમાપ્ત કરી દેતા હોય છે.

માર્ટિન લ્યુથર કિંગે તેના પુત્રને કહ્યું હતું કે, 'જીવન ત્રિપરિમાણી છે. લંબાઈવાળું, પહોળાઈવાળું અને ઊંચાઈવાળું. આ ત્રણેય મનુષ્ય જીવનનાં પરિણામો છે. લંબાઈ એટલે માત્ર વર્ષોનો સરવાળો નહિ, પરંતુ તમે વ્યક્તિગત આદર્શોને ક્યાં સુધી સિદ્ધ કરી શકો છો ? એ મનુષ્ય જીવનની લંબાઈ છે. પહોળાઈ એટલે પરોપકાર કરવો. જેને જેની જરૂર હોય તેને તેની મદદ કરીએ અને તેઓનાં દુઃખો ઓછાં કરીએ. અને ઊંચાઈ એ છે કે પરમાત્માને પામવા માટે જીવન સમર્પણ કરી દઈએ.'

અર્થાત્ અન્ય કાર્યો ગૌણ કરી મુખ્ય લક્ષ્ય પરમાત્માને બનાવી દઈએ. આ સમજણ માર્ટિન લ્યુથર કિંગની હતી. ભક્તો ! આપણે આ પ્રસંગમાંથી અલગ અલગ સમજવું પડશે. અમારે ત્યાગીઓએ જગતના બાવા-સાધુઓની જેમલક્ષ્ય વિનાના નથી ભટકવાનું અને તમારે ગૃહસ્થોએ કિંગના કહ્યા પ્રમાણે જીવનને ઊંચાઈવાળું બનાવી દેવાનું, એટલે આપણા સર્વેનું એક જ લક્ષ્ય બની જાય. હરિધામઅને હરિદર્શન.

(ક્રમશઃ)

# જન્માષ્ટમી

- સાધુ વિવેકસાગરદાસજી ગુ. શા. સ્વા. નિલકંઠચરણદાસજી - વડતાલ

જન્માષ્ટમી એટલે શ્રાવણ વદી-અષ્ટમીની અંધારી મેઘલી મધ્યરાત્રે ૧૨ કલાકે મથુરાની જેલમાં વસુદેવ અને દેવકી થકી શ્રીકૃષ્ણ ભગવાને જન્મધારણ કર્યો તે પર્વની ઉજવણી.

સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીના ૭૯ શ્લોકમાં જન્માષ્ટમી આદિના ઉત્સવો કરવા એ વિશે આજ્ઞા કરી છે. કારણ કે ભગવાન સ્વામિનારાયણ ઉત્સવ પ્રિય હતા અને પોતે દરેક ઉત્સવો ઉત્સાહપૂર્વક ઉજવતા અનો આ ઉત્સાવોના માધ્યમે લોકોનો આત્યંતિક કલ્યાણનો રાહ બતાવતા.



સર્વોપરી શ્રી હરિએ ક્યાં ક્યાં સ્થાનમાં જન્માષ્ટમી ઉત્સવ ઊજવ્યા તે પ્રસંગોને જોઈએ.

(૧) સંવત ૧૮૫૬ - લોજ

વર્ણીવેશ શ્રીહરિ શ્રાવણ વદી-૬ના રોજ લોજપુર મુકામે આવ્યા ત્યારે મુક્તાનંદ સ્વામી આદિક સંતોની સાધુતા તથા જ્ઞાનને વશ થઈ કાયમમાટે રોકાય ગયા. ત્રીજા દિવસે જન્માષ્ટમી ઉત્સવની ઉજવણીમાં સહુ સાથે જોડાયા. આ પ્રસંગે સહુ નરનારીઓને પારણામાં ઝુલતા બાલમુકુંદને બદલે વર્ણીવેશ શ્રીહરિના દર્શન થતા. આથી સહુ આશ્ચર્યપામી સભામાં બેઠેલા વર્ણીને જોવા જતા તો ત્યાં પણ તેમના દર્શન થતા. વર્ણીના આવા પ્રતાપથી સહુને ભગવાનપણાની ભાવના થઈ. (હરિલીલામૃત, ક.૪, વિ.૨)

(૨) સંવત ૧૮૫૯ - માંગરોળ

માંગરોળપુરના નવાબ વજદીન અને વિનયી હરિભક્તોની પ્રાર્થનાથી સં.૧૮૫૯ના વર્ષમાં ચાતુર્માસ દરમ્યાન સર્વાવતારી શ્રીહરિ માંગરોળપુરમાં નિવાસ કરી રહ્યા હતા. આ સમયે જન્માષ્ટમી મહોત્સવ ઊજવવાની ઈચ્છાથી પોતાના સર્વે ભક્તોને માંગરોળપુર બોલાવી મહોત્સવ ઊજવ્યો. આ પ્રસંગે શ્રીહરિએ પ્રાતઃ નિત્યકર્મમાંથી પરવારી ગુરૂવર્યશ્રી રામાનંદ સ્વામીના જન્મનિમિત્તે મોટો સમારંભ યોજી પૂજન મહોત્સવ ઊજવ્યો અનો મધ્યરાત્રિએ રંગબેરંગી વસ્ત્રો, પુષ્પની માળાઓ તથા કેળના સ્થંભથી સુશોભિત મંડપમાં કીર્તનમય વાતાવરણમાં, શ્રીહરિ બાલમુકુંદને ઝુલાવતા થકા ઉત્સવની સાથે જાગરણ કરતા થકા રાત્રિના ત્રીજા પ્રહરને અંતે એક એક અંગમાંથી કરોડો સૂર્યના તેજને ઝાંખુ પાડે તેવું શીતળ શાંત તેજ પ્રગટ કરી સર્વેના મન પોતાની મૂર્તિમાં ખેંચી લીધા. આમબે ઘડી પર્યંત દર્શન આપી સહુને દિવ્યાનુભવ

કરાવ્યો. આથી સહુને નિશ્ચય થઈ ગયો કે આ શ્રીહરિ અક્ષરધામાધિપતિ સ્વયં પુરૂષોત્તમનારાયણ ભગવાન છે. આમ માંગરોળમાં જન્માષ્ટમી મહોત્સવ ઉજવી સર્વેને સ્વ-સ્વરૂપનો સર્વોપરીપણાનો નિશ્ચય કરાવ્યો.

(૩) સં.૧૮૬૦ - માણાવદર

આ ઉત્સવ શ્રીહરિએ માણાવદરમાં મયારામભટ્ટને ત્યાં કર્યો. શ્રીહરિએ સર્વે સંતો-ભક્તજનોની સાથે ઉપવાસ કર્યો અને મધ્યરાત્રિએ બાલકૃષ્ણનું પૂજન કરી ત્યારબાદ સર્વે સંતોનું પૂજન કર્યું. પ્રાતઃ સમયમાં સર્વે સંત બ્રાહ્મણોને પારણા કરાવ્યા. બપોર પછી સભાનું આયોજન થયું. તેમાં મયારામભટ્ટે ભક્તિની નિર્વિઘ્ન સિદ્ધિ માટે પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપી શ્રીહરિએ ભક્તિનો મહિમા સમજાવ્યો હતો.

(૪) સં. ૧૮૬૧ - સરધાર

રાજા તુંગજી અને વેરજીની ભાવનાને વશ થઈ શ્રીહરિ ચાતુર્માસમાં સરધારમાં રોકાયા હતા. તેથી જન્માષ્ટમી મહોત્સવ સરધારમાં ઊજવ્યો હતો. નવમીના દિવસે બપોર પછી સભા થઈ. તેમાં રાજા તુંગજીએ અંતઃશત્રુ જીતવાના ઉપાયો પૂછ્યા. શ્રીહરિએ વિસ્તારપૂર્વક તેની સમજુતી આપી હતી.

(૫) સં.૧૮૬૨ - ગઢપુર

સં.૧૮૬૧માં સર્વ પ્રથમશ્રીહરિ ભીમએકાદશીને દિવસે ગઢપુર પધાર્યા અને સં.૧૮૬૨માં રથયાત્રા, જન્માષ્ટમી, દશેરા, દિવાળી, પ્રબોધિની આદિક ઉત્સવ પહેલીવાર ગઢપુરમાં કર્યા.

(૬) સં.૧૮૬૩ - અગત્રાઈ

ગામ નામ રુડું અગત્રાઈ, ભક્ત જ્યાં વસે પર્વતભાઈ.
જૈને ઉત્સવ અષ્ટમી કેરો, કર્યો તે સ્થળ સરસ ઘણેરો;
દેશદેશના હરિજન આવ્યા, સર્વ સંતને પણ ત્યાં તેડાવ્યા.
સમૈયો તે તો સર્વ વખાણે, થયો એવો સરસ એહ ટાણે;
પૂજા પર્વતભાઈએ કીધી, બીજા ભક્તોયે પણ ભલી વિધી.
કરીને તહાં જયજયકાર, ચાલ્યા ત્યાં થકી થૈને તૈયાર.

(૭) સં.૧૮૬૪ - કરીયાણા

જન્માષ્ટમીનો ઉત્સવ શ્રીહરિએ કરીયાણા ગામમાં ઉજવ્યો.

(૮) સં.૧૮૬૫ - ગઢપુર

(૯) સં.૧૮૬૬ - શ્રીનગર

શ્રી સ્વામિનારાયણ ભગવાને ભક્તિમાર્ગનું પોષણ કરવા સં.૧૮૬૬ના શ્રાવણ વદી-અષ્ટમીને દિવસે બહુ પ્રકારની સામગ્રીથી અમદાવાદના હરિભક્તો પાસે આ ઉત્સવ ઉજવાવ્યો. અને મોટા રાજાની જેમ તે ઉત્સવના બીજા દિવસે પારણામાં હજારો બ્રાહ્મણોને ઈચ્છિત ભોજન કરાવી તથા તેઓને બહુ પ્રકારની દક્ષિણા આપી રાજી કર્યા. તે દિવસે વિશાળ સભા થઈ. તે સભામાં શ્રીહરિના દર્શન કરી રહેલા કેટલાક સંતો, ગ્રહસ્થ નરનારીઓને સમાધી થઈ. જેઓ સભામાં બેઠા હતા તેઓ પાષાણની મૂર્તિની જેમ ચેષ્ટારહિત- બેઠા રહ્યા અને ઊભા હતા તેઓ થાંભલાની જેમ સ્થિર થઈને ઊભા રહ્યા. સમાધિમાંથી જાગ્રત થઈ સહુએ સમાધિમાં અનુભવેલ સુખ અને દર્શનની વાતો સભામાં કહી બતાવી. આ વાતો અને સમાધિનો સ્વીકાર વિદ્વાનોએ પણ કર્યો. સહુને ભગવાન સ્વામિનારાયણનો સર્વોપરીપણાનો નિશ્ચય થઈ ગયો.

(૧૦) સં.૧૮૬૭ - ગઢપુર

કૃષ્ણ જન્માષ્ટમી દિન આવ્યો, સમૈયો ત્યારે સારો ભરાવ્યો,
સંત સર્વને શ્યામે તેડાવ્યા, દેશ દેશના હરિજન આવ્યા.

આ ઉત્સવમાં શ્રીહરિએ ઉન્મત્તગંગાનું મહાત્મય બતાવ્યું હતું.

(૧૧) સં.૧૮૬૮ - કરીયાણા

થોડા દિવસ રહી તેહ ટાણે, કૃપાસિંધુ ગયા કરીયાણે,
જન્મઅષ્ટમી ઉત્સવ જેહ, તેનો આદર ત્યાં કર્યો તેહ.

આ ઉત્સવમાં બદરીકાશ્રમમાંથી સંતદાસજી પધાર્યા હતા.

(૧૨) સં.૧૮૬૯ - ઓગણોતેરા કાળને લઈને ઉજવી શકાયો ન હોય તેમ લાગે છે.

(૧૩) સં.૧૮૭૦ - કરજીસણ

અષ્ટમીને દિવસ ગામ બહાર, પૂર્વમાં એક વડ જોઈ સાર,
હરિભક્તોએ બાંધ્યો હિંડોળો, શોભે વૈમાન સમ લાંબો પહોળો,
તેમાં પ્રગટ પ્રભુ પધરાવ્યા, ઝાઝી વાર હરિને ઝુલાવ્યા.

(૧૪) સં.૧૮૭૧ - વડતાલ

કૃષ્ણજન્મસમો થાય જ્યારે, ત્યારે આવી તમારે ઉતારે,
હીંડોળામાં ઝુલો હરિરાય, પુરો એવી અમારી ઈચ્છાય;
સુણી શ્રીહરિએ માની વાત, પછી જ્યારે ગઈ અર્ધરાત.
જ્ઞાનબાગે આવ્યા ગિરધારી, ઝૂલ્યા હીંડોળે વિશ્વવિહારી;
સૌએ હીંડોળામાં તેહ વાર, દીઠો અકળિત તેજઅંબાર.

(૧૫) સં.૧૮૭૨ - ગઢપુર

શ્રીહરિએ સં.૧૮૭૨ના શ્રાવણ વદ ગોકુલાષ્ટમીનો મહાન ઉત્સવ પૃથ્વીપતિ ઉત્તમરાજા દ્વારા સમસ્ત રાજા-મહારાજાઓને કરવો દુઃસાધ્ય થાય તેવા મુખ્ય કલ્પથી ઉજવાવ્યો. તે ઉત્સવમાં લલિતાબા પકવાન બનાવવા આદિ ક્રિયામાં મુખ્ય હતા. આ ઉત્સવમાં આવેલા અને મહાસુખ પામેલા એવા દેશદેશાંતરના ભક્તજનોએ લલિતાબાની ભક્તિભાવની ખૂબ જ પ્રશંસા કરી તેમજ લલિતાબાએ પણ પરમેશ્વર શ્રીહરિને ઉત્સવની સેવાથી અતિશય રાજી કર્યા.

(૧૬) સં.૧૮૭૩ - ગઢપુર

ઉત્સવ રથયાત્રા તણો, ગઢપુરમાં કર્યો ઘનશ્યામ;
નૌત્તમલીલા નિરખીને, હરખ્યા હરિભક્ત તમામ.
કૃષ્ણ જન્મ તણો દિન આવ્યો, સમૈયો તે તો સારો ભરાવ્યો.
વેદાંતાચાર્ય જે કહેવાય, હતો તે વટપત્તન માંય.

(૧૭) સં.૧૮૭૭ - સારંગપુર

ભગવાન શ્રીહરિ સં.૧૮૭૭ શ્રાવણ વદી-પંચમી (નાગપાંચમ)ને દિવસે પાર્ષદો તથા ભક્તજનો સાથે સારંગપુર પધાર્યા.

શ્રાવણ વદી-સાતમની રાત્રીએ શ્રીહરિ સભામાં રત્નજડિત ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન થયા અને આગળ સંતો-ભક્તોની સભા થઈ. આ સભામાં શ્રીહરિએ જન્માષ્ટમીના વ્રતનો તથા ઉદ્યાપનના વિધિનો નિર્ણય બતાવ્યો. જન્માષ્ટમીના દિવસે ભગવાન શ્રીહરિ પાંચ ઘડી રાત્રી બાકી હતી ત્યારે જાગ્રત થયા અને સ્નાનાદિક નિત્યકર્મ કરી ગુરૂદેવ રામાનંદ સ્વામીના પ્રાગટ્યનો મહાપૂજા મહોત્સવ ઊજવ્યો. ત્યારબાદ નૈષ્ઠિક બ્રહ્મચારીઓની પૂજા કરી. પાર્ષદો પાસે તૈયાર કરાવેલ રંગબેરંગી વસ્ત્રો અને કેળના સ્થંભથી શોભતા મંડપમાં શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ પધરાવી. આખો દિવસ ભક્તજનો સાથે ઉપવાસી રહીને સંકીર્તન કરતા થકા પસાર કર્યો. રાત્રીએ ફાલ્ગુન નદીમાં સ્નાન કરી ષોડશોપચાર વિધિથી મહાપુજા કરી. ત્યારબાદ બાલકૃષ્ણને પારણિયામાં પધરાવી શ્રીહરિ ઝુલાવતા થકા ઉત્સવ કરવા લાગ્યા અને રાત્રીએ કથા સાંભળતા થકા જાગરણ કર્યું.

નવમીના પ્રાતઃકાળે સ્નાન સંધ્યાદિ નિત્યવિધિ કરી ઉત્તરપૂજા કરી ભગવાનની મૂર્તિનું દાન કર્યું ને અનંત વિપ્રોને ચાર પ્રકારના ભોજન જમાડી તૃપ્ત કર્યા. આ રીતે જન્માષ્ટમીનો ઉત્સવ સારંગપુરમાં ખૂબ ઉત્સાહથી ઉજવ્યો.

(૧૮) સં.૧૮૭૮ - ગઢપુર

શ્રીહરિ ગઢપુરમાં વસી, જન્મઅષ્ટમી આદિક જેહ,
ઉત્સવ અતિ ઉત્તમ કર્યા, તેડિ સંત હરિજન તેહ.

(૧૯) સં.૧૮૭૯ - ગઢપુર

વળી કોઈ સમાની કથાય, કહું તે તમે સાંભળો રાય;
કરી જન્માષ્ટમી ગઢપુરમાં, ફરવાની ઈચ્છા ધરી ઉરમાં.

(૨૦) સં.૧૮૮૦ - ગઢપુર

વસ્યા વળી ગઢપુર વિષે, મહાપ્રભુજી ચાતુરમાસ;
જન્માષ્ટમી ને પ્રબોધની, કરી અભયનૃપ આવાસ.

(૨૧) સં.૧૮૮૧ - ગઢપુર

ગઢપુર માંહિ શ્રીઅવિનાશ, કર્યો ચાતુરમાસ નિવાસ;
કરી લીલા અનેક પ્રકાર, સુખ દાસને દીધાં અપાર,
કૃષ્ણજન્મતણો દિન આવ્યો, વાલે ઉત્સવ સારો કરાવ્યો.

(૨૨) સં.૧૮૮૨ - ગઢપુર

જન્માષ્ટમી દસરા દિવાળી, વશ્યા ગઢપુરમાં વનમાળી.
અન્નકુટનો ઉત્સવ કીધો, હરિભક્તે ભલો લાવ લીધો.

(૨૩) સં.૧૮૮૩ - ગઢપુર

વરષાઋતુ ચાતુરમાસ, કર્યો ગઢપુર માંહિ નિવાસ;
જન્માષ્ટમી આદિક જેહ, કર્યા ત્યાં સર્વ સમૈયા તેહ.

(૨૪) સં.૧૮૮૪ - ગઢપુર

(૨૫) સં.૧૮૮૫ - ગઢપુર

ગુણનિધિ ગઢપુર વિષે, વશ્યા ચાતુરમાસ નિવાસ;
જન્માષ્ટમી આદિક કર્યા, શુભ ઉત્સવ શ્રીઅવિનાશ.

# શ્રીહરિના લીલા ચરિત્રોની વાતો

- શા. સ્વા. સૂર્યપ્રકાશદાસજી ગુ. કો. સ્વા. ઘનશ્યામપ્રસાદદાસજી (સાળંગપુરવાળા), વડતાલ.

**(ગતાંકથી ચાલુ)**

એકવાર શ્રીજી મહારાજે ગઢપુરથી માંગરોળ ગોવરધનભાઈ ઉપર કાગળ લખ્યો કે 'આ કાગળ વાંચીને અષ્ટમી ઉપર તુરંત ગઢડે આવજો.' ત્યારે ગોવરધનભાઈ મહારાજશ્રીનો કાગળ વાંચીને ટીમણ કરાવીને ચાલ્યા તે મારગમાં વરસાદ વરસવા લાગ્યો. તે આખો દિવસ વરસ્યો ને સાંજ પડી ત્યાં રસ્તામાં એક નદી આવી. તેમાં પાણીનું પૂર આવેલ ને ઉતરાય તેમનહોતું ને આસપાસ ગામપણ નહિ. પછી જોયું તો નદીને કાંઠે એક બાવળ હતો તેની હેઠે જઈને ગોવરધનભાઈ સુતા ને વરસાદ તો ઝીણો ઝીણો વરસતો હતો. તે ટાણે તેમની રક્ષા માટે મહારાજે શેષ નારાયણને મોકલ્યા તે ત્યાં આવીને ગોવરધનભાઈના શરીર પ્રમાણે ફેણ પોળી કરીને ગોવરધનભાઈ ઉપર આખી રાત્રી રહ્યા ને પાણીનું એક પણ બિંદુ તેમના ઉપર પડવા દીધું નહિ. તેમસવાર થતાં સુધી રહ્યા પછી સવારે પોતાની ફેણ સંકેલી લઈને ગોવરધનભાઈને નમસ્કાર કરીને પાછા પાતાળમાં ગયા. પછી ગોવરધનભાઈ ઉઠ્યા ને જોયું તો નદીમાં પૂર પણ ઉતરી ગયેલું એટલે પોતે ત્યાં નાયા ને પૂજા કરી પછી ચાલતા થયા તે બીજે દિવસે ગઢડે આવ્યા ને મહારાજને દંડવત્ પ્રણામકરી પગે લાગ્યા ને સહુ સંત હરિજનને પણ પગે લાગીને સભામાં બેઠા. તે વખતે શ્રીજી મહારાજે કહ્યું, 'તમને રસ્તામાં વરસાદે બહુ હેરાન કર્યા ને નદીમાં પૂર આવી ગયેલ તેથી તમે નદીને કાંઠે બાવળ હેઠે સૂઈ રહ્યા ત્યારે તમારી રક્ષા કરવા માટે અમે પાતાળમાંથી શેષનારાયણને મોકલ્યા હતા.' તે સાંભળીને શેઠ કહે 'હા મહારાજ ! તમારા સિવાય અમારી રક્ષા બીજા કોણ કરે ?' તે પછી જન્માષ્ટમીનો સમૈયો થઈ રહ્યો ત્યારે ગોવરધનભાઈ પાછા ઘેરે આવ્યા.

ગામશ્રી માંગરોળ બંદરમાં ઘણાક સંત હરિભક્તોને સાથે લઈને સંવત ૧૯૪૪ની સાલમાં ધર્મધુરંધર આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ તીર્થયાત્રા કરવા પધારેલા તે વખતે તેમણે ગામને આથમણે દરવાજે વાવ,અવેડો અને આંબલીનું ઝાડ છે ત્યાં દરશન કર્યા પછી મહારાજે જૂનાગઢના સદ્‌ગુરુ સ્વામી અક્ષરસ્વરુપદાસજીને તથા ત્યાંના શેઠ માણેકચંદભાઈને કહ્યું કે, 'આ પ્રસાદીની જગ્યા દરબાર પાસેથી વેચાતી લઈ લેજો.' એમઆજ્ઞા કરી હતી. પછી મહારાજ ત્યાં બે દિવસ રહીને માળીયે પધાર્યા હતા તે પછી સદ્‌ગુરુ સ્વામી અક્ષરસ્વરુપદાસજી ગામમાંગરોળ આવ્યા ને બે દિવસ રહી શેઠ માણેકચંદભાઈને કહી તે જગ્યા વેચાતી લેવરાવી ને ફરતો વંડો કરાવ્યો તથા માઢ સહિત દરવાજો કરાવ્યો ને બે ઓરડા કરાવ્યા તથા કુવો ગળાવ્યો ને જે કુંડીઓ હતી તે વાવથી આથમણી કોર મુકાવી દીધી ને વાવ માથે ઉત્તરાદિ તરફ રંટ કરાવ્યો ને જે ઠેકાણે અવેડો હતો તે ઠેકાણે શ્રીજી મહારાજે આઠ માસ રહીને સદાવ્રત દીધેલ હતું તથા હજારો માણસોને સમાધિ કરાવી હતી. ને ગામમાંથી આવેલા મતપંથીને પોતપોતાના ઈષ્ટદેવના દરશન કરાવ્યાં હતાં ને ઘણા ચમત્કાર જણાવ્યા હતા તેવી તે મહાપ્રસાદીની જગ્યાએ જૂનાગઢના સદ્‌ગુરુ સ્વામી અક્ષરસ્વરુપદાસજીએ રાજકોટના કડીયા મિસ્ત્રી કરસન વાસા પાસેથી રૂપિયા પાંચસો લઈને મોટો પરથાર કરીને છત્રી કરાવી છે ને તેમાં પંચાળાના પ્રસાદીના પથરામાં ચરણારવિંદ કરાવીને પધરાવ્યાં છે. એ પ્રમાણે સહુ સંત હરિજનને દર્શન તથા સ્મરણ થાય તે માટે કરેલ છે.

એકવાર માંગરોળમાં પુરબીયા મંછારામભાઈ માંદા થયા ને દેહ મેલવા ટાણે ગામમાંથી સત્સંગીને બોલાવ્યા ત્યારે સર્વે હરિભક્ત ભેગા થઈને આવ્યા. ત્યારે તેમની આગળ મંછારામભાઈ બોલ્યા કે 'હવે મારે ધામમાં જાવું છે માટે તમે સહુ ભલે આવ્યા. હવે કીર્તન બોલો.' પછી હરિભક્તો કીર્તન બોલ્યા ને પછી ધુન કરી. પછી મંછારામભાઈ બોલ્યા કે 'હવે રાખો જુઓ આ શ્રીજી મહારાજ હજારો સંત સાથે વિમાન, પાલખી તથા હાથી ઘોડા લઈને મને તેડવા આવ્યા છે.' એમકહીને પોતાના દીકરાને ભલામણ કરી કે 'સત્સંગ ખરેખરો રાખજો ને મારી વાંસે જૂનાગઢમાં સાધુઓને રસોઈ દેજો ને હવે ગાયનું છાણ લાવીને લીંપો ત્યારે તેમકર્યું એટલે મંછારામભાઈ સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમધુન કરતા થકા દેહ મેલીને ધામમાં ગયા તે વખતે તેમના ઘરની આસપાસ રહેનારાં ઘણાં માણસોને વિમાન, પાલખી વગેરે સહિત સંત તથા શ્રીજી મહારાજનાં દર્શન થયાં ને બધે તેજ તેજ થઈ ગયું. તેવું આશ્ચર્ય જોઈને ઘણાં માણસો બોલ્યાં 'જે આવો પ્રતાપ દેખાડીને દેહ મેલવો તે તો ખરેખરા સત્સંગી હોય તેમને જ બને છે. આવો પ્રતાપ દેખાડીને દેહ મેલતાં આજ સુધી આપણે કોઈને દીઠા નથી. આ તો સ્વામિનારાયણનો પ્રતાપ બહુ મોટો છે' એમ બહુ આશ્ચર્ય પામ્યાં.

# ॥ સત્સંગ ॥
## (વિદ્યાર્થી સંતોના પ્રવચનમાંથી)

- સાધુ વિવેકસાગરદાસ (વ્રજભુમિગુરૂકુલ) - સાધુ વિવેકસાગર સ્વામી (કુબેરનગર-સુરત)

સૌ પ્રથમતો થોડીવાર ચિંતન કરીએ.

**What is the proper defination of SATSANG ?**

સદ્‌ગુરુ શતાનંદ સ્વામી સત્સંગની વ્યાખ્યા આપતા સત્સંગિજીવનમાં કહે છે,

सच्छब्देन परंब्रह्म साधवश्च तदाश्रिताः ।

प्रोक्तास्तदीयो धर्मश्च शास्त्र चैतत्त्रिकाश्रयम् ॥

સત્ય સ્વરૂપ એવો આત્મા, સત્ય સ્વરૂપ એવા પરબ્રહ્મ પરમાત્મા, સત્ય સ્વરૂપ એવા સંતો અને સત્ય સ્વરૂપ એવા સત્શાસ્ત્રો અને ચાર માહેનો કોઈપણનો સંગ કે સંબંધ તેનું નામજ સત્સંગ.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની વાતોના આધારે જ જો કહીએ તો,

ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ.

ભગવાન અને સાચા સંતોને વિષે જેટલો સદ્‌ભાવ એ જ સત્સંગ

મોટા એકાંતિકને હાથ જોડવા અને તે કહે તેમ કરવું એનું નામજ સત્સંગ.

તો આવો ભક્તો, આવા દિવ્ય સત્સંગની સાચી મહત્તા સ્વયં સર્વાવતારી શ્રીહરિના શ્રી સ્વમુખ વાણી વચનામૃત દ્વારા સમજીએ. ભવબ્રહ્માદિક દેવતાઓને પણ દુર્લભ એવા આ સત્સંગની જેને પ્રાપ્તિ થઈ છે એના પુણ્યનો તો કોઈ પાર આવે તેમનથી. વળી સારંગપુરના નવમા વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે,

'અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહીં અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય.'

ગઢડા અંત્યના બીજા વચનામૃતમાં શ્રીમદ્‌ ભાગવતના એકાદશ સ્કંધમાં વર્ણવાયેલ ભગવાન શ્રીકૃષ્ણ અને ઉદ્ધવજીના દિવ્ય સંવાદની સ્મૃતિને તાજી કરાવતાં શ્રીહરિ કહે છે, 'અષ્ટાંગયોગ, સાંખ્ય, તપ, ત્યાગ, તીર્થ, વ્રત, યજ્ઞ દાનાદિકે કરીને જેવો હું વશ નથી થતો એવો સત્સંગે કરીને વશ થાઉં છું. માટે સર્વ સાધન કરતાં સત્સંગ અધિક થયો.'

વળી, અતિ સાચે ભાવે કરીને કોઈ સત્સંગ કરે તો શૂળી જેટલું દુ:ખ હોય તે કાટે મટે છે અને વ્યવહારિક રીતે પણ સુખી રહેવાય છે. એવા રૂડા આશીર્વાદ ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા પ્રથમના સીત્તેરમા વચનામૃતમાં આપ્યા છે.

વળી શિક્ષાપત્રીમાં શ્રીહરિ લખે છે કે,

गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत् परं फलम् ।

कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः ।

ભક્તિ અને સત્સંગ વિના વિદ્વાન પણ અધોગતિને પામે છે. આવી દિવ્યતાસભર સત્સંગની અલૌકિક મોજ જે જે મહાપુરુષોએ જીવનમાં અનુભવી છે તેવા મહાન ભગવદ્‌ ભક્તોના અનેક ઈતિહાસ-પ્રસંગોથી આ ભારતીય સંસ્કૃતિ અને આપણો આ સ્વામિનારાયણ સંપ્રદાય ખૂબ ગૌરવ અનુભવી શકીએ એ સુનિશ્ચિત નિર્વિવાદ વાત છે.

કેવા હતાં એ આપણાં મહાપુરુષોનાં ભવ્ય જીવન ! ક્યાં હતો એક વખતનો વાલીયો લૂંટારો... અને નારદજીના સત્સંગથી જીવને કંઈક ચમત્કૃતિસભર વળાંક લીધો અને આ વિશ્વને ભારતીય સંસ્કૃતિનું સર્વપ્રથમ સાહિત્ય સર્જનાર એક વિભૂતિપુરુષ વાલ્મિકીની ભેટ આ વસુંધરાને પ્રાપ્ત થઈ તે સત્સંગની જ ફલશ્રુતિ છે.

ક્યાં દાનવકુળનો ખૂંખાર વિચિત્રતા ધરાવતો હિરણ્યકશિપુ અને તેને ત્યાં પ્રહ્લાદજી જેવા મહાન ભક્ત આત્માનું અવતરણ ! ગમે તેવા વિપરિત સંજોગોમાં પણ પરબ્રહ્મ એવા નારાયણને નહીં છોડું તે નહીં જ છોડું એવી સમજણની દૃઢતા કરાવનાર નારદજી જેવા સત્પુરુષનો સત્સંગ નહિ તો બીજું શું હોઈ શકે ?

ગામના આગેવાન, મુખી અને રજવાડાં ધરાવતા ૧૮-૧૮ ગામધણીઓ શ્રીજીના કાગળના

સંદર્ભે તેજીને ટકોર એ ન્યાયે સમગ્ર સંસાર વ્યવહારનો ત્યાગ કરી સાધુ થઈ જાય... એ શ્રીજીનાં વચનોને કેવી રીતે ઝીલ્યાં છે ! જેમસ્વાતિ નક્ષત્રના બુંદને સમુદ્રની માછલીઓ ઝીલી લે અને તેના મુખમાં જ નવલખાં મોતી ઉપજે એ ન્યાયે સત્સંગ ઈતિહાસમાં આવી વિરલ સુવર્ણ ઈતિહાસોની પરંપરા એ જ તો સત્સંગની મહત્તા સમજવા માટે પૂરતી છે.

માટે જ કહેવાયું છે ને,

काचः कांचन संसर्गात् धत्ते मारकर्ती द्युतीम्।

तथा सत्संन्निधानेन मूर्खो याति प्रविणताम्॥

સોનાને સંગે કાચ જેમમરકતમણિ જેવી કાંતિ ધારણ કરે છે તે જ રીતે સત્પુરુષોના સહવાસથી અર્થાત્ સત્સંગથી મૂર્ખ જેવા મૂઢ જીવ પણ આલોક અને પરલોકના રાહે શ્રેષ્ઠતા ધારણ કરે છે.

માટે જ કહેવાયું છે ને,

સંત ન હોત સંસાર મેં, તો જલ જાત બ્રહ્માંડ

વો તો જ્ઞાન કેરી લહેર સે,વો તો ઠારત ઠામો ઠામ.

જામપર જામપીને સે ક્યા ફાયદા,

શામકો પિયા સુબહ ઉતર જાયેગા,

પર એક બાર સત્સંગરૂપી અમૃત પી લે મનવા,

હમારા જીવન સફલ હો જાયેગા.

જ્યારથી આ પૃથ્વીનું સર્જન થયું છે ત્યારથી લઈને આજ સુધીમાં આ ધરા ઉપર અનેક સંપ્રદાયોની સ્થાપના થઈ છે. અનેક શાસ્ત્ર રચાયા છે. આ તમામસંપ્રદાયો અને શાસ્ત્રોમાં એક ને એક વાતનું હજારો વખત રટણ થયું હોય અને ભારો ભાર મહિમા ગવાયો હોય તો એ છે સત્સંગ...સત્સંગ....સત્સંગ જ. અરે કાદવમાંથી કમળ કરવાનું કામસત્સંગ કરે છે. અરે વાલીયો લુંટારો, જોબનપગી, મુંજો સુરો, અભેસંગ દરબાર આ એવા તો ક્રૂર હતા કે એક દિવસ પણ તેમની તલવાર લોહી ચાખ્યા વગર રહેતી નહીં. પણ તેને સંત મળ્યા અને સત્સંગ થયો અને મહાન ભક્તો બની ગયા. આ ગધેડાની ગાય કરવાનું કામતો સત્સંગ કરે છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન એમકહે છે કે આ સંસારમાં ફરી તમને માતા પિતા મળશે, રાજ્ય સુખ, પુત્ર, સ્ત્રી, મનવાંછિત ભોગો બધું જ મળશે પણ સત્સંગ મળવો દુર્લભ છે.

સંત તુલસીદાસજી રામાયણની અંદરસત્સંગનો મહિમા બતાવતા લખે છે કે જેમપારસમણિના સ્પર્શથી લોખંડ સોનું બની જાય છે તેમસત્સંગથી દુર્જન માણસ પણ ભક્ત બની જાય છે. તુલસીદાસજી લખે છે કે,

એક ઘડી આધી ઘડી, આધી મેં પુની આધ,

તુલસી સંગત સંત કી, કટે કોટિ અપરાધ,

સ્વામિનારાયણ ભગવાન ગઢડા પ્રથમના ૭૦મા વચનામૃતમાં વાત કરે છે કે એક ગામમાં ઘણા ચોર રહેતા. તેમાંથી એક ચોર સાધુ પાસે બેસવા આવતો હતો. તેને માર્ગને વિષે પગમાં કાંટો વાગ્યો તે પગમાં સોંસરો નીકળી ગયો. તેણે કરીને પગ સોજ્યો. તે ચોરી કરવા ન જવાયું. બીજા ચોરો તો ચોરી કરવા ગયા. એક રાજાનો ખજાનો લૂંટી આવ્યા. સૌએ અંદરોઅંદર વહેંચી લીધો. બહુ રૂપિયા આવ્યા તે સાંભળીને જે ચોર સાધુ પાસે આવતો ને કાંટો લાગ્યો હતો તેના મા-બાપ, સ્ત્રી અને સગાં સર્વે વઢવા લાગ્યા કે જો તું ચોરી કરવા ન ગયો અને સાધુ પાસે ગયો તો આપણું ભૂંડું થયું. ને તે ચોર ચોરી કરી લાવ્યા તો કેટલાય રૂપિયા એમને આવ્યા. એમવાર્તા કરે છે ત્યાં રાજાનું લશ્કર આવ્યું. બધા ચોરોને ઝાલીને શૂળીએ દીધા. તેની ભેગો આને પણ શૂળીએ દેવા લઈ ગયા. ત્યારે તે સર્વે ગામના માણસો તથા સાધુએ સાક્ષી પુરી કે આ તો ચોરી કરવા ગયો ન હતો. આના પગે કાંટો વાગ્યો હતો. ત્યારે તે ઉગર્યો. એમસત્સંગ કરે છે તેને શૂળી જેટલું દુઃખ કાંટે મટે છે. મોતનાં મૂખમાંથી ઉગારી લે તે સત્સંગનો પ્રતાપ છે.

શ્રીમદ્ ભાગવતમાં શ્રીકૃષ્ણ ભગવાન એમકહે છે કે, સાંખ્ય, યોગ, નિયમ, વ્રત, તપ, દાન, ત્યાગ વગેરેથી મારી સરળતાથી પ્રાપ્તિ નથી થતી, જેટલી સત્સંગથી થાય છે. સ્વામિનારાયણ ભગવાન એમકહે છે કે, ભક્તિ અને સત્સંગ વિના વિદ્વાનોની પણ અધોગતિ થાય છે.

અરે ! આપણે રાવણને જોઈએ. રાવણનાં ઘરે અષ્ટ સિદ્ધિ અને નવ નિધી એના ઘરનું વાસિંદુ કરતી, બાર મેઘ પાણી ભરવાનું કામકરતા, ઓગણપચાસ વાયુઓ વિંઝણો લઈ પવન નાખવાનું કામકરતા, પોતે વેદોનો જ્ઞાતા હતો પણ તેના જીવનમાં સત્સંગ નહોતો તો તેનો પણ નાશ થયો છે.

તો આપણે પણ સંતોનો સમાગમકરી જીવન ધન્ય બનાવી લેવું.








(૧) શ્રી સ્વામિનારાયણ મંદિર જૂનાગઢમાં ઉજવાયેલ બ્રહ્મચોર્યાસીમાં પધારેલ પ.ભ. શ્રી દેવુભગતને મળતા પૂ. મહારાજશ્રી
(૨) યજમાનશ્રી પ.ભ. બળવંતભાઈ ધામી આદિકને મૂર્તિ અર્પણ કરતા પ.પૂ. મહારાજશ્રી
(૩) બ્રહ્મચોર્યાસીમાં પધારેલ સંતો તથા હરિભક્તો તથા આશીર્વાદ આપતા વડતાલ મંદિરના મૂખ્ય કોઠારીશ્રી





શ્રી સ્વામિનારાયણ મંદિર (વાડી) વડોદરામાં જન્માષ્ટમી ઉત્સવની આરતી ઉતારતા
પ.પૂ. કો. કે.કે. શાસ્ત્રી સ્વામી  તથા મટુકી ફોડતા યુવા હરિભક્તો

નૂતન વર્ષના કેલેન્ડરો પ્રકાશિત થઇ ચૂક્યા છે




૧




૨




૩

# નૂતન વર્ષના કેલેન્ડરો પ્રકાશિત થઈ ચૂક્યા છે

૪




૫




૬




**૧ થી ૪ નંબરના કેલેન્ડરની સાઈઝ ૭ X ૧૯ ઈંચ તથા**

**૫ થી ૬ નંબરના કેલેન્ડરની સાઈઝ ૧૧ X ૧૭ ઈંચ**

૫ અને ૬ નંબર કેલેન્ડરમાં પોતાના વ્યવસાયની જાહેરાત મૂકી ગ્રાહક બનવા ઈચ્છતા હોય તેમણે ૦૯૩૨૭૪૯૯૦૦૦ નંબર ઉપર સંપર્ક કરવો...



શ્રી સ્વા. મંદિર - ડાકોર દ્વારા તૈયાર થયેલ નૂતન
શ્રી નિત્યાનંદ સ્વામી અતિથિ ભુવન



નૂતન અતિથિ ભુવનનું ઉદ્‌ઘાટન કરતા પ. પૂ. મહારાજશ્રી
તથા કોઠારી શ્રી પવન સ્વામી તથા પૂ. સંતો



શ્રી સ્વા. ના. મંદિર-ડાકોર, નૂતન શ્રી નિત્યાનંદ અતિથિ ભુવન પ્રસંગે યોજાયેલ સભામાં પ. પૂ. મહારાજશ્રી તથા પૂ. સંતો - ભક્તો



શ્રી સ્વામિનારાયણ મંદિર
દ્વારા પ્રકાશિત થતુ
સાહિત્ય
સી.ડી. કેસટો, ધાર્મિક
પુસ્તકો, કેલેન્ડર તથા
હરીકૃષ્ણ મહારાજની
મૂર્તિઓ વગેરે....

નૂતન વર્ષના તીલક
આકારના ડબ્બા મળશે...



# ।। શરણાગતિ ।।

- સાધુ ભક્તિનંદનદાસ



સમસ્ત માનવજાતની આદિ અનાદિ કાળની એક મહત્ત્વની ખોજ રહી છે, નિર્ભયતા સભર શાશ્વત શાંતિ માટેની....નિર્ભયતા-નિશ્ચિંતતા અને કૃતકૃત્યતા અનુભવી સંસારના સુખ-દુઃખાદિ અનેક પ્રકારનાં દ્વન્દ્વો રુપી ઝંઝાવાતોની વચ્ચે સ્થિર રહી નિર્લેપ અને નિર્વિકારીભાવ સહ...હૃદય કોઈ અનેરા જ દિવ્ય આનંદમાં અલમસ્ત અને નિમગ્ન બની રહે એ માટેની એક વિશિષ્ટ સમજણે યુક્ત જીવન શૈલી કેવી હોઈ શકે ? કરુણાનિધાન, વાત્સલ્યમુર્તિ સર્વેશ્વર, ભગવાન શ્રીહરિનાં પરમકૃપાપાત્ર બનવાનો એકમાત્ર શ્રેષ્ઠ રાહ ક્યો હોઈ શકે ?....જવાબ માત્ર એક જ છે; પરમઅવલંબન - એક આધાર - દૃઢ આશરો અનો અનન્ય શરણાગતિ-એક સહજાનંદની...

સમગ્ર વિશ્વભણી પણ એકાદ ઉડતી નજરે પ્રભુ-શરણાગતિ પ્રત્યેની મહત્તા તરફ દૃષ્ટિપાત કરીએ તો બાઈબલમાં કહેવાયું છે... 'For thou hast been a shelter for me' હે પ્રભુ ! તું મારા માટે આશ્રયસ્થાન છે.

તો કુરાનની કલમાઓ બોલે છે "શેતાન તરફથી ઉશ્કેરાય તો અલ્લાહનો આશ્રય માગ."

હિન્દુ સંસ્કૃતિના અનેક સત્શાસ્ત્રો પૈકી નારદીય ભક્તિસૂત્ર શરણાગતિ વિશે સમજ આપતા કહે છે - "अनाश्रयाणां त्यागः अनन्यता"

તો રામચરિતમાનસ સાખ પુરે છે. "મમ શરણાગત ભય હારી" ભગવાન શ્રીરામકહે છે શરણે આવેલાને નિર્ભય કરવો એ મારી પ્રતિજ્ઞા છે પછી તે ભલેને ગમે તેવો પાપી હોય.

અરે ! ભુતકાળના પેટાળમાં ભંડારાયેલ એક વિરલ ઘટનાનું અત્રે સ્મરણ થઈ આવે છે...ઘમંડ ભરેલા સ્વરે 'we for victory' નો બુલંદ શોર મચાવનાર વિશ્વવિખ્યાત ચર્ચિલ જયારે ઈંગ્લેન્ડ પર હિટલરનો બોંબમારો થયો ત્યારે બોલી ઉઠે છે ઉગરવાનો નથી કોઈ આરો, પ્રભુ પ્રાર્થના માત્ર છે એક સહારો... વાર્યો નહિ તો હાર્યો પરંતુ આ તે અંતરનો કેવો એકરાર. વર્તમાન જીવન પણ કંઈક આવા જ વમળોમાં અટવાયુ છે ત્યારે ગની દહીંવાલાના શબ્દો યાદ આવે છે કે,

કિનારા હો કે ભલે વમળ-ભેદભાવ છોડી દે,
પ્રભુનાં આશરે સાગરમાં તું નાવ છોડી દે.

આત્માને પરમાનંદ બક્ષી જીવનની ધન્યતાનો અહેસાસ કરાવનાર એવી અનન્ય શરણાગતિ એટલે - शरणे आसमन्तात् गतिः इति शरणागतिः ।

એવા શરણાગતિને વરેલા પ્રભુજીને પ્યારા ભક્તોનાં લક્ષણ કેવા હોય છે આ રહ્યા એ શ્રીજીની શ્રીમુખવાણીનાં પ્રાસાદિક શબ્દો..જેને ભગવાનનો દૃઢ આશરો હોય અને જીવનમાં મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તો પણ તે થકી રક્ષાના કરનારા ભગવાન વિના બીજાને ન જાણે... પોતાને જે સુખ જોઈતું હોય તે

ભગવાન થકી જ ઈચ્છે પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે. પ્રભુની જેવી મરજી હોય તે પ્રમાણે જ વર્તે. એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય.

એવા દ્રઢ આશરાને જ આપણા વિશિષ્ટદ્વૈત સિદ્ધાંત અંતર્ગત બે પ્રકારે પ્રતિપાદિત કરવામાં આવ્યો છે. એમાં પ્રથમછે, માર્જાર કિશોર ન્યાય અર્થાત્ પૂર્ણ પ્રપત્તિ...

બિલાડી જેમ પોતે જ પોતાના બચ્ચાને રક્ષણ માટે એક સ્થાનેથી બીજે સ્થાને લઈ જાય છે તેમ બચ્ચાને કાંઈ કરવાનું રહેતું નથી. તેમજ પ્રભુને પૂર્ણતયા સમર્પિત પ્રપત્તિવાન જીવની રક્ષા ભગવાન સ્વયં કરે છે. તેમાં શરણાગતને કંઈ જ ચિંતા હોતી નથી. ઘોર અરણ્યમાં અનેક હિંસક પશુના ત્રાસની વચ્ચે પણ વનકેસરી સિંહના પગલાના આશ્રયે બેઠેલી એક તુચ્છ નિર્બળ બકરી પણ કેવી નિર્ભયતા. માટે જ કહેવાયુ છે ને કે...

જો જાકી શરણ ગ્રહે તાકો તાકી લાજ
ઉલટી મીન જલ ચઢત હૈ બહ્યો જાત ગજરાજ.

એવા શરણાગત ભક્તો માટે પ્રભુ પણ જાણે પણ લઈને બેઠા હોય એમ પ્રતિજ્ઞા કરે છે -

જગત ઉપર માયાનો ગમે તેટલો પ્રભાવ પરંતુ મારો ભક્ત મારા પ્રભાવથી સહેજે જ તેને તરી જાય છે. માટે જ સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહેતા આજ આ ઘોર કળીકાળના વિષમવાતાવરણમાં ૨૦-૨૦ વર્ષના જુવાનીયાઓ સંસાર હરામકરી સુખેથી હરિસ્મરણ કરે છે. તે ભગવાનના આશ્રયનો જ પ્રતાપ છે.

બીજો ન્યાય છે કપિકિશોર ન્યાય....અર્થાત્ દ્રઢ શરણાગતિ.

જેમવાંદરાના બચ્ચાએ તેની માને પકડી રાખવી પડે તો જ એની મા એક સ્થાનેથી બીજે સ્થાને લઈ જઈ તેની રક્ષા કરે. આ ન્યાયમાં શરણાગત મુમુક્ષુને પણ અમુક અંશે પુરુષાર્થની અપેક્ષા રહે છે.

ભરસભામાં દુ:શાસન જ્યારે દ્રોપદીના વસ્ત્રો હરણ કરી લાજ લુંટવા પ્રયત્ન કરે છે ત્યારે પતિઓ તો પરાજીત બની મો નીચું ઢાળી ગયા હોય છે. ત્યારે ભીષ્મપિતામહ જેવા મહારથીઓ કાંઈ બોલી શકે તેમનથી. મહામુસીબતે ખુબ હિંમત અને બળપુર્વક દાંતમાં દબાવી રાખેલો સાડીનો છેડો પણ દુ:શાસન જ્યારે ખેંચી લે છે ત્યારે હૃદયના ઉંડાણથી આર્તનાદે પોકાર ઉઠે છે.

हा कृष्ण द्वारिकावासिन् क्वासि यादवनन्दन।

इमां अवस्थां संप्राप्तां अनाथां त्रातुमर्हसि।

આહાહા... ! એ વિષમસંજોગોમાં દ્વારિકાધીશની કેવી સહાયતા !

તે વેળાએ પેલી ઉક્તિઓ સાર્થક થતિ અનુભવાય - જીતને તારે ગગનમેં, ઈતને શત્રુ હોય,

જિસ પર કૃપા રઘુનાથકી, બાલ બાંકા ન હોય...

અરે ! સંપ્રદાય પણ આવા તો કેટકેટલાય ઈતિહાસોનો સાક્ષી છે. પછી એ જસદણ ભોંયરાના નાજા જોગીયાને વાજસુર ખાચરનાં ત્રાસથી ઉગારવાના હોય કે ગ્વાલિયરના શરણાગત વણિકનો કરો રુપિયાનો દંડ ચુકવી તેની ધર્મ રક્ષા અને પ્રાણ રક્ષા કરવાની હોય, વાંકાનેરના જીવરાજ જોશી અને રાજુલાના નાગદાન સોનીને મધદરિયે ઉગારવાના હોય કે રામબા અને જીવુબા જેવા ભક્તોના શીલવ્રતની રક્ષા કરવાની હોય. શરણે આવેલા દુશ્મનનો પણ પૂર્વે મહારાજાઓ વાળ વાંકો થવા ન દેતા તો આવા દ્રઢ ભક્તો માટે તો ભગવાન શું ન કરે ! ગીતાજીમાં ગોવિંદે કરેલો પડકાર આજ પણ સમગ્ર સમાજનો પથદર્શક છે -

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते।

तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्॥

અંકના ગ્રાહક બનો
અને બનાવો
અંક વાંચો અને વંચાવો

# જાકુ દેખે છાતી ઠરે, વાકા પડ્યા દુકાળ

- ચંદુભાઈ કાશીભાઈ પટેલ, મુ. રોપા

વર્ષાઋતુની એક સુંદર સાંજે બે સંન્યાસી પોતાના આશ્રમતરફ જઈ રહ્યા હતા. રસ્તે ચાલતાં તેમણે વચ્ચે એક ખેતરના ખૂણે એક ચાડિયો (ઓડો) જોયો. તેમાં એક સંન્યાસી બોલી ઉઠ્યા : ''અરે, જ્યારે જ્યારે આ રસ્તે જતો હોઉં, ત્યારે આ જ ચાડિયો ઉભેલો દેખાય છે.'' ચાડિયો એટલે શું ? ખેડૂતો ખેતરમાં ખેતરની રક્ષા માટે માણસ જેવા આકારનો વેશ પહેરાવેલ ઓડો ઉભો કરે છે. એક જાડી ઉભી લાકડી જોડે બીજી આડી લાકડી બાંધી કાંસ જેવો આકાર કરી, ઉભી લાકડીના મથાળે માટીની હાંડલી મૂકી માથાનો દેખાવ કરે ને જૂના કપડાં પહેરાવે. આ થયો ચાડિયો કે ઓડો.

બંને સંન્યાસી મહારાજ વિચાર તરંગમાં ડૂબી ગયા. જ્યારે જ્યારે જતાં-આવતાં જોઈએ તો આ ચાડિયો એક જ સ્થિતિમાં ખેતરમાં ઉભેલો દેખાય છે. એનું મુખ જે દિશામાં પહેલીવાર જોયેલું તે જ દિશામાં આજે પણ છે. એના વેશમાં પણ સહેજેય ફરક નથી. આ તો બિચારાની કેવી દશા ! દશા શું આ તો આકરી સજા ! એક જ સ્થિતિમાં ઉભા રહેવાનું. એમાંય વળી માથે ખુલ્લુ આકાશ અને નીચે ધરતી. ગમે તેટલી કડકડતી ઠંડી પડે કે બળબળતો તાપ પડે તોય એને સહન કરવાનું. મૂશળધાર વરસાદ કે પવનનું તોફાન હોય તોય ન બોલવાનું, ન ચાલવાનું, વળી માથુ માટલીનું હાથમાં એ જ લાકડી અને એ જ ઝભ્ભો પણ.

સંન્યાસીઓનાં હૃદય દ્રવી ઊઠ્યાં. ચાડિયા પાસે ગયા અને બોલ્યા, 'અરે ભાઈ ! તારી આ દશા !તારા જેવી દશા તો દુશ્મનની પણ ન હોય. પણ તારે આમને આમજ વગર પગારે, ખાધ્યે પીધ્યે વગર, ખડે પગે ચોકી કરતા રહેવાનું ? સાચે જ તને આવા જીવનથી કેટલો બધો ત્રાસ થતો હશે ? કંટાળો આવતો હશે ? તેના વિચારથી અમે ધ્રૂજી ઉઠીએ છીએ.'

ચાડિયાએ કહ્યું, 'ઓહ, મહારાજ તમે ય સમજ્યા નહિ. મને તો આમાં ખૂબ મજા આવે છે. ભલભલાને હું ડરાવું છું, મારાથી કોઈ ડરીને ભાગે એ જોવામાં મને બસ આનંદ, આનંદ ને આનંદ છે. કોઈ ડરે, કોઈ નાસે, ધ્રૂજે, દોડતાં અથડાય ને ગબડી પડે તો જોવાની ભારે મજા આવે છે. બીજી કોઈ વાત વિચારવાનો સમય જ મળતો નથી. ન ઠંડી લાગે, ન ગરમી અકળાવે. ન વરસાદની હેલી નડે. ડરાવવાની આવી મજા છે.

આજના માનવમાં અને ખેતરમાં ઉભેલા ચાડિયામાં કોઈ અંતર રહ્યું નથી. વેશમાં બંનેમાં માણસનો દેખાવ જરૂર છે. પણ ધર્મમય જીવન-સદાચારમય જીવન એકેયમાં નથી. આ તો શાહુકારના વેષમાં સજ્જ થયેલ ચોરને ઓળખવો મુશ્કેલ છે. ખેતરમાં ઉભેલો ચાડિયો માણસના વસ્ત્રો પહેરી આખા ખેતરોમાં હકુમત ચલાવતો હોય અને હુ માણસ છું, લોકોને ડરાવું છું, એમમાણસ બન્યાનો વહેમ-આડંબર સેવતો હોય છતાં તેનામાં રહેલો 'ચાડિયાપણાનો' છેદ ઉડી જતો નથી. 'ચાડિયાપણું' છૂટે તો જ 'માણસપણું' આવે. બીજું આજના માનવીમાં મનમાં એક, વચનમાં બીજું અને વર્તનમાં ત્રીજી જ વાત રાખી વ્યવહાર કરે છે. બીજાને છેતરશે, પીડા આપશે, ડરાવશે. ત્રાસ આપી દગાથી મારી પણ નાખશે. એટલે તો

શ્રીજી મહારાજે તો વચનામૃતમાં પણ ચોકખુ કહી દીધું કે, સાચી માનવતા ને સદાચારી જીવન જીવી જાણે એવા સત્સંગમાં થોડાક ગણતરીના હરિભક્ત હોય પણ ઝાઝા હોય નહિ. આના અનુસંધાનમાં એક કવિએ પણ ઠીક કહ્યું છે કે,

દેશ દેશાંતર બહુત ફિરા, મનુષ્યકા બહોત સુકાળ<br>
જાકુ દેખે છાતી ઠરે, વાકા પડ્યા દુકાળ.

આ જમાનામાં બગલા, કાગડા, હંસ ને કીડીઓનાં ટોળે ટોળાંની જેમબનાવટી માનવીઓની ખોટ સાલતી નથી. ટોળે ટોળાં જોવા મળશે. શુદ્ધ પ્રામાણિક જીવન ને ઉચ્ચ વર્તન સહુને આકર્ષે છે. જેને જોતાં છાતી ઠરી જાય. હાશ...એમબોલાઈ જાય એવા વર્તનશીલ માનવીની અછત વર્તાય છે. યાને એવા માનવીનો દુકાળ હોય એમસાલે છે. સાચા ભક્તની ઓળખાણ સ. ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ 'કલ્યાણ નિર્ણય'માં જણાવી દીધું છે.

સાચા ભક્તતણી ઓળખાણ રે, કહું સાંભળ્ય જો સુજાણ રે.<br>
શુદ્ધ અંતર ને શુદ્ધ આશે રે, શુદ્ધ મને પ્રભુને ઉપાસે રે<br>
નિષકામકપટે રહિત રે, શુદ્ધ ભાવ શ્રદ્ધાએ સહિત રે<br>
યશ કીર્તિ વધારવા લાજ રે, નહિ દંભ દેખાડવા કાજ રે<br>
નહિ ઈર્ષા ને અમરષ રે, નહિ સ્પરધા થાવા સરસ રે

દુર્ગુણી માનવીની ઓળખાણ

મન ફાવતી મોજો કરી, ધન વેડફ્યુ જન રંગમાં<br>
તનનું બહુ કર્યું જતન, જનમાં જશ તણી છે ઝંખના<br>
મોટાઈ મેળવવા હંમેશાં સાચવી મર્યાદ છે.<br>
પણ સદ્‌ગુણો નવ સંગ્રહ્યા તો એ બધુ બરબાદ છે.

# Sri Swaminarayana



Within a short time since his installation as the Acharya, Sahajananda succeeded in crating an order of Sadhus in accordance with the highest ideals of what is known as the Bhagwata Dharma. He had practised these ideals for years, alone as he was in this Sadhana-self discipline–of his, and as soon as the opportunity came he made hundreds adopt them as their own. To create an apostolic oirder of this kind would be no small achievement at any time in any country, and it was especially difficult at this time when religion was at a very low ebb in Gujarat. It is doubtful if a band oif such Sadhus existed in any part of India at that time. They would be rare at any time, and were so more than ever at the period we are treating of. The various bodies following the Bhagwata Dharmna known as Vaishanava sects had also shared in the general degeneration, and some, if not all, of them were as bad as any. Sahajananda lit a new fire in the midst of universal darkness, and this was bound to cast its light far and wide. His work was to revive and reform the Bhagwata Dharma at its highest, and he succeeded in laying its ground-plan in the shape of this apostolic band of Sadhus. He gathered these round himself as the centre, and there was gathered round these the larger Fellowship called the Satsang.

The activities of Swami Sahajananda for the first few years of his ministry seem to be confined more or less to the creating of this order of Sadhus and the expansion of the Satsang by the simple means of preaching and teaching. That even this

comparatively simple work was not done without much opposition and persecution we have already seen. But there were evil;s crying for remedy all around and Sahajananda was not one to sit in peace while so much was to be done. Thus an opportunity soon came to extend thje operations of the spirit of reform that he had got within himself. This was a new and a greater challenge to the vested interests and powers that were there and it added to the opposition that had already been created against him. This new move was the performing of Yagnas, i.e. Sacrifices, and it came about in this way.

Once while Swami Sahajananda was in Bhuj in the province of Cutch, the Prime Minister there was performing a big sacrifice in which some animals were to be sacrificed. Such blooody sacrifies seem to be very common in those days all over India, and they were usually performed by the Prines or big people such as Ministers etc. To do this was considered a meritorious act, and not to do it was thought of as a sin of omission that might invite the wrath of gods on the kingdom or the people. The Brahmins took part in these, and hence the sacrifices got the sanction of the priestly class as well. Sometimes learned Brahmins came from far-off places such as Benares etc. to take part in them, and therefore to proitest against such sacrifices was like throwing a challenge to the vested interests of both Princes and Brahmins not only within the bounds of Gujarat but even beyond. This Sahajananda had the courage to do because of his firm belief that such sacrifices were no more in accordance with the true spirit of the Vedic Dharma itself, in the name of which they were said to be performed. He, therefore, protested against such a bloody sacrifice and as a result he had to enter into a serious controversy with the Brahmins assembled for the purpose.

The line of argument that he followed at this time in Bhuj and later on in other places in regard to this matter was this: the Vedas inculcated bloody sacrifices not for the sake of taking animal life, but to circumscribe the universal taking of such life by human beings by confining it only to these occasions with a view, however, to the complete abolition of it in conrse of time. He said that the Vedas at their highest taught Ahimsa (Non-violence) and that these bloody sacrifices were only a stage on the way to the complete realization of this principle. He even added that those who performed such sacrifices were acuing against the teaching of the Shastras (Scriptures), and that they were no better than malechchhas.


From Sri Swaminarayana

# સત્સંગ સમાચાર

## વડતાલમાં હિંડોળા મહોત્સવ











શ્રીસ્વામિનારાયણ મંદિર,વડતાલમાં શ્રાવણ માસ દરમ્યાન પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના આર્શીવાદથી ભવ્ય હિંડળા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. હિંડોળા મહોત્સવમાં મુખ્યકોઠારી શ્રી પ.પૂ.સ.શ્રી નિલકંઠચરણદાસજી સ્વામીની પ્રેરણાથી આ.કો.શ્રી દેવપ્રકાશ દાસજીસ્વામીએ અથાગ મહેનત કરી મુખ્ય મંદિરમાં થરમોકોલની અદભૂત કોતરણીથી ભવ્ય હિંડોળા બનાવવામાં આવ્યા.મંદિરના મુખ્ય ધુમ્મટને થરમોકોલની કોતરણીથી મઢવામાં આવ્યો હતોં. મંદિરમાં સોના -ચાંદી અને કાષ્ટના એમ ત્રણ હિંડોળા મુકવામાં આવ્યા હતાં., અને તેને ફળ,ફુલ,ડ્રાયફ્રુટ વિગેરેથી શણગારવામાં આવ્યા હતાં. આ હિંડોળાના યજમાન પદે મુખ્યકોઠારી શ્રી પ.પૂ.સ.ગુ.શ્રી નિલકંઠચરણદાસજીસ્વામીની પ્રેરણાથી પ.ભ.શ્રી ધીરુભાઈ ધરમસીભાઈ વાધાણી-સુરત તથા પ.પૂ.શા.શ્રી નૌતમપ્રકાશદાસજીસ્વામીની પ્રેરણાથી પ.ભ.શ્રી સુભાષભાઈ ડાહયાભાઈ-સાધીવાળા (હાલ:શિકાગો) તથા પ.ભ.શ્રી કેયુરભાઈ જશભાઈ પટેલ-ખાખરીયાવાળા (હાલ:શિકાગો)એ લાભ લીધો હતો.

અક્ષરભુવનમાં શ્રી ધનશ્યામમહારાજના

પૂજારીશ્રી સંતદાસજીસ્વામી (અથાણાવાળા)એ અથાગ મહેનત કરી ચોકલેટ,પવિત્રા,ડોલર તથા હીરા-નંગના હિંડોળા બનાવ્યા હતાં.

અક્ષરભુવન ઉપરના માળે (બેઠા શ્રી ધનશ્યામમહારાજ)ના હિંડોળા પૂંજારી શ્રીલક્ષ્મીનારાયણદાસજી સ્વામીએ મહેનત કરી હીમાલયની શોભા, તથા ગુફામાં તપશ્ચર્યા કરતાં શિવસ્વરુપ ધારણ કરતાં શ્રી ધનશ્યામમહારાજ તથા પ્રાકૃતિક સૌંદર્યમાં શોભતા રાજાધિરાજ શ્રીહરિ વગેરે શોભા બનાવી અનેક ભકતોએ આ હિંડોળા દર્શનનો લાભ લીધો હતો.

હરિમંડપમાં પૂંજારીશ્રી પ્રેમનંદનસ્વામીએ મહેનત કરીને ચોકલેટ, બીસ્કીટ , પવિત્રા,રાખડી,સુકોમેવા, રુમાલ, આદિકના વિવિધ હિંડોળા બનાવી. શ્રી ધનશ્યામ મહારાજને ઝુલાવ્યા હતાં.

નારાયણ મહોલમાં પાર્ષદશ્રી નરેન્દ્રભગતે ભગવાન શ્રીસ્વામિ-નારાયણ આગળ ચોકલેટ, પવિત્રા, રાખડી, પેન્સીલ-રબર, ચાંદીના સિકકા વિગેરેના હિંડોળા બનાવ્યા હતાં.

શ્રાવણ માસ દરમ્યાન લાખો હરિભકતોએ હિંડોળા દર્શનનો લાભ લીધો હતો.

## તા. ૦૨-૦૯-૨૦૧૦ જન્માષ્ટમી મહોત્સવ

શ્રી સ્વા. મંદિર - વડતાલ સંસ્થાનમાં જન્માષ્ટમી મહોત્સવ મંદિરમાં બિરાજતા દેવોના સાનિધ્યમાં ધોધમાર વરસાદના વાતાવરણમાં ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઘણા બધા સંતો તથા વિવિધ ક્ષેત્રોમાંથી પધારેલા હરિભક્તોએ લ્હાવો લીધો હતો.

## તા.૨૮/૭/૨૦૧૦ - હિંડોળા ઉદ્‌ઘાટન-ભુલેશ્વર-ભાયંદર

શ્રી સ્વા. ના. મંદિર-ભુલેશ્વરમાં કોઠારીશ્રી સંતદાસજી સ્વામીના આયોજનથી તથા હરિભક્તોના ઉત્સાહથી શ્રાવણ માસમાં હિંડોળા તૈયાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વડતાલ ટે. મે. બોર્ડના ચેરમેનશ્રી પ. પૂ. સદ્. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી તથા મુખ્ય કોઠારીશ્રી પ. પૂ. સદ્. શ્રી નિલકંઠચરણદાસજી સ્વામી પધારી હિંડોળાનું ઉદ્‌ઘાટન કરી હરિભક્તોના દર્શનાર્થે ખુલ્લા મુક્યા હતા. આ પ્રસંગે સત્સંગ સભાનું આયોજન થયુ હતું. મુખ્ય કોઠારીશ્રીનું સન્માન કરવામાં આવ્યુ હતું. તેમજ સાંધ્ય સમયે શ્રી સ્વા. ના. મંદિર-ભાયંદરમાં હરિભક્તોએ ઉત્સાહપૂર્વક હિંડોળા તૈયાર કર્યા હતા. જેનું ઉદ્‌ઘાટન વડતાલના ચેરમેનશ્રી તથા મુખ્ય કોઠારીશ્રીના વરદ્‌હસ્તે થયુ હતું. આ પ્રસંગે સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યુ હતું.

## તા.૧૨/૮/૨૦૧૦ - જુનાગઢમાં બ્રહ્મચોરાશી

શ્રી સ્વા. ના. મંદિર-જુનાગઢમાં દેવોનો અભિષેક પ. ભ. શ્રી પરબતભાઈ બાવનજીભાઈ હીરપરા તથા શ્રી રાજુભાઈ પરબતભાઈ હીરપરાના યજમાનપદે યોજાયો હતો તથા અ. નિ. બચુભાઈ ગંગદાસભાઈ ધામી તથા અ. નિ. વિશાલ બળવંતભાઈ ધામીની પુણ્યસ્મૃતિ અર્થે બ્રહ્મચોરાશીનું આયોજન પ. ભ શ્રી બળવંતભાઈ બચુભાઈ ધામી તથા શ્રી નિખિલ બળવંતભાઈ ધામી દ્વારા કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે વડતાલથી પ. પૂ. ધ. ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ તથા મુખ્ય કોઠારી પ. પૂ. સદ્. શ્રી નિલકંઠચરણદાસજી સ્વામી, રાણાકંડોરડાથી પ. ભ. શ્રી દેવુ ભગત પધાર્યા હતા. તથા ધામોધામથી સંતો પધાર્યા હતા આ પ્રસંગે પ. પૂ. મહારાજશ્રી તથા સંતોએ યજમાન પરિવાર તથા હરિભક્તોને રૂડા આશીર્વચન પાઠવ્યા હતા.

## તા.૧૫/૮/૨૦૧૦ - વડતાલમાં સ્વાતંત્ર્યદિનની ઉજવણી

શ્રી સ્વા. ના. મંદિર-વડતાલ સંસ્થાન સંચાલિત સંસ્કૃત પાઠશાળામાં ૧૫મી ઓગષ્ટ-સ્વાતંત્ર્ય દિનની ઊજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વડતાલ મંદિરના આસીસટન્ટ કોઠારી શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી, વ.મે.બોર્ડના સલાહકારશ્રી ધર્મજીવનદાસજી સ્વામી, ટ્રસ્ટી સભ્યશ્રી પા. ભાસ્કર ભગત તથા સંસ્કૃત પાઠશાળાના સંચાલક શ્રી રામસ્વામી તથા વિદ્યાર્થી સંતો પાર્ષદો દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપી રાષ્ટ્રગીતનું ગાન કરી સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી.

## તા.૨૨/૮/૨૦૧૦ - નૂતન અતિથિ ભુવન ઉદ્‌ઘાટન-ડાકોર

શ્રી સ્વા. મંદિર-ડાકોર દ્વારા તૈયાર થયેલ નૂતન નિત્યાનંદ સ્વામી અતિથિ ભુવનના ઉદ્‌ઘાટન પ્રસંગે તા.૨૧ અને ૨૨ બે દિવસ યજ્ઞ તથા સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે વડતાલથી પ. પૂ. આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી તથા આ. કો. શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી, સલાહકાર સભ્યશ્રી ધર્મજીવનદાસજી સ્વામી, ટ્રસ્ટીશ્રી પા. ભાસ્કર ભગત, શ્રી ભાર્ગવભાઈ, શ્રી જશભાઈ, પ. પૂ. બાપુ સ્વામી, શ્રી નૌત્તમસ્વામી આદિક સંતો પધાર્યા હતા. તથા અન્ય ધામોથી સંતો પધાર્યા હતા. પ. પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન શ્રી નિત્યાનંદ સ્વામી અતિથિ ભુવનનનું ઉદ્‌ઘાટન તથા યજ્ઞનારાયણની પૂર્ણાહુતિ થઈ હતી. ત્યારબાદ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ સભામાં કોઠારીશ્રી પવન સ્વામીનું શાલ ઓઢાડી, હાર પહેરાવીને સન્માન કર્યુ હતું. તેમજ નૂતન બિલ્ડીંગમાં સેવા કરનાર પ. પૂ. જ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળવાળા તથા બિલ્ડીંગનો પ્લાન તૈયાર કરનાર શ્રી અનિલભાઈ-આર્કીટેકને પ્રસાદીની પેટી આપી તેમની સેવાને બિરદાવી હતી. આ પ્રસંગે પ. પૂ. મહારાજશ્રી તથા સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

## તા.૨૪/૮/૨૦૧૦ - વડતાલમાં સંતોના વરંડામાં આર.સી.સી.રોડનું ઉદ્‌ઘાટન

વડતાલમાં સંતોના વરંડામાં મુખ્ય કોઠારીશ્રી પ. પૂ. સદ્. શ્રી નિલકંઠચરણદાસજી સ્વામીના આયોજનથી તથા આ. કો. શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી તથા ટ્રસ્ટીશ્રી પા. ભાસ્કર ભગતની દેખરેખ નીચે ૯૦૦ **X** ૧૮ ફુટનો આર.સી.સી. રોડ માત્ર દસ દિવસમાં જ પૂર્ણ કરવામાં આવ્યો હતો. આ રોડનું ઉદ્‌ઘાટન પ. પૂ. ધ. ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ તથા વડીલ સંતોના વરદ્‌હસ્તે તા.૨૪/૮/૧૦ના શ્રાવણ સુદી-૧૫ (રક્ષાબંધન)ને દિને સવારે ૭-૩૦ કલાકે કરવામાં આવ્યુ હતું.

## તા. ૦૨-૦૯-૨૦૧૦ - શ્રી સ્વા. મંદિર - વડોદરા (વાડીમંદિર)માં જન્માષ્ટમી મહોત્સવ

શ્રી સ્વા. મંદિર - વડોદરા (વાડીમંદિર) માં ભવ્ય જન્માષ્ટમી મહોત્સવ પ.પૂ. કો. શ્રી કે.કે.શાસ્ત્રી સ્વામીના આયોજનથી ઉજવવામાં આવ્યો હતો. આ ઉત્સવમાં કંડારીથી શ્યામવલ્લભ સ્વામી, દર્શનવલ્લભ સ્વામી વિગેરે સંતો પધાર્યા હતા અને કથા-વાર્તાનો લાભ આપ્યો હતો. પ.પૂ. કો. કે.કે.શાસ્ત્રી સ્વામીએ જન્મસમયની આરતી ઉતારી દર્શનનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે ભાઈઓ તથા બહેનોનો દિવ્યરાસ તથા યુવા હરિભક્તોએ માટલી ફોડી ઉત્સવ મનાવ્યો હતો.

# માસિક ભેટ નામાવલિ
# ઓગષ્ટ - ૨૦૧૦

| | |
|---|---|
| ૧૦૧/- શ્રી રમણભાઈ ડાહ્યાભાઈ પટેલ - રોપા | પુત્રવધુ હેતલબેનને કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે |
| ૧૦૧/- શ્રી વિનોદભાઈ મગનભાઈ પટેલ - ઝાડેશ્વર | શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- શ્રી અશોકભાઈ મણીભાઈ પટેલ (પીજવાળા)-સેલવાસ | શ્રી .લ. ના. દેવ, શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- શ્રી અંબાલાલ ફુલાભાઈ પટેલ - નરસંડા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- શ્રી વર્ષાબેન ઘનશ્યામભાઈ સોની - વડોદરા | ભાણેજ કેયુરની સગાઈ થઈ તે નિમિત્તે |
| ૧૦૧/- શ્રી મનોજ એસ. કાનાબાર - વિદ્યાનગર | નવું એકટીવા લીધું તે નિમિત્તે |
| ૧૦૦/- શ્રી નગીનભાઈ છગનભાઈ દેસાઈ - રાજપિપલા | શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- શ્રી ચંદુભાઈ એસ. પટેલ - વડતાલ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- શ્રી ભુપતસિંહ પુનમભાઈ સોલંકી - દેદરડા | નવી 'નેનો' કાર લાવ્યા તે નિમિત્તે |
| ૧૦૦/- શ્રી વર્ષાબેન પ્રહલાદસિંહ સોલંકી - દેદરડા | નોકરી મળી તે નિમિત્તે |
| ૧૦૧/- શ્રી જયોત્સનાબેન નવિનચંદ્ર સુથાર - નાવલી | વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- શ્રી પ્રવિણસિંહ નાનુભાઈ રાઠોડ - બુધેજ | ધર્મપત્નિ અ. નિ. કંચનબેનના મોક્ષાર્થે |
| ૧૦૧/- શ્રી ધર્મેન્દ્રકુમાર હરિકૃષ્ણભાઈ પટેલ - લસુંદરા | જન્મદિવસ પ્રસંગે શ્રી લ. ના. દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- શ્રી કામિનીબેન હરિકૃષ્ણભાઈ પટેલ - લસુંદરા | જન્મદિવસ પ્રસંગે શ્રી લ. ના. દેવની પ્રસન્નાર્થે |
| ૨૫૧/- શ્રી વિજયકુમાર ગંગારામભાઈ પટેલ - તરસાલી | હા. લોકશ સ્વામી, સંકલ્પ પૂર્ણ થયો તે નિમિત્તે |
| ૧૦૦/- શ્રી અર્પિતાબેન સુધીરભાઈ પટેલ - વિદ્યાનગર | નવો મોબાઈલ લીધો તે નિમિત્તે |
| ૧૫૧/- શ્રી દિનેશભાઈ પરસોત્તમભાઈ રામી - વડતાલ | શ્રીહરકૃષ્ણ કેબલ, શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- શ્રી અરવિંદભાઈ મંગળભાઈ પટેલ - વીણા | જમીન લીધી તે નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે |
| ૧૫૧/- શ્રી કવિતાબેન વિરલભાઈ ઈટાલીયા - સુરત | ફાર્મસી કોલેજમાં નોકરી મળી તે નિમિત્તે |
| ૧૦૧/- શ્રી નરશીભાઈ રાઘવભાઈ ઈટાલીયા - સુરત | નવું પ્લેઝર લાવ્યા તે નિમિત્તે |
| ૧૦૧/- શ્રી જતીનભાઈ રામભાઈ પટેલ - ચિખલોડ | પગાર વધારો થયો તે નિમિત્તે |
| ૧૦૧/- શ્રી અરવિંદભાઈ મગનભાઈ કાછીયા - વિરસદ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૫૧/- શ્રી હસુબેન જેઠાભાઈ પટેલ - સુણાવ | શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- શ્રી ઘનશ્યામભાઈ પરસોત્તમદાસ પટેલ - આશી | નવું ટ્રેક્ટર લાવ્યા તે નિમિત્તે |
| ૨૦૧/- શ્રી રસિકભાઈ કાળીદાસ પટેલ - ખાંધલી | ટ્રેકટર ને ત્રણ વર્ષ પૂર્ણ થયાં તે નિમિત્તે |
| ૧૦૧/- શ્રી પ્રદિપભાઈ મહેન્દ્રભાઈ પટેલ - કપડવંજ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- શ્રી અક્ષિતાબેન બળદેવભાઈ પટેલ - ઢોલાર | એમ.એ.પાર્ટ-૨માં પાસ થયા તે નિમિત્તે |
| ૧૫૧/- શ્રી એક હરિભક્ત - ઈટોલીપુરા | શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે |

| | |
|---|---|
| ૧૦૧/- શ્રી પૂજન મહેશભાઈ પટેલ - પિપળાવ | શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૨૦૧/-શ્રી ભીખાભાઈ છગનભાઈ કનસાડવાળા - સુરત | શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- શ્રી પરીમલ કે. પટેલ - સુરત | નવી ગાડી લાવ્યા તે નિમિત્તે |
| ૧૦૧/- શ્રી ધીરજલાલ સી. પંડ્યા - દંતાલી | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- શ્રી હિતેશચંદ્ર ચંદ્રકાન્ત કોટક - મુંબઈ | નવું ડિપાર્ટમેન્ટ સંભાળ્યું તે નિમિત્તે |
| ૧૦૧/- શ્રી હાર્દિક ચંદ્રકાન્ત કોટક - મુંબઈ | એમ.બી.એ. થયા તે નિમિત્તે |
| ૧૦૦/- સ્વ. પાર્વતીબેન પ્રભુદાસ હ. દેવાનંદભાઈ - રોપા | તેમના સ્મરણાર્થે શ્રીજી પ્રસન્નાર્થે |
| ૨૦૧/- શ્રી જયોતિષી ચંપકલાલ ઠાકોરદાસ-સુરતવાળા-નવસારી | વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- શ્રી જીનલકુમાર સુરેશભાઈ પટેલ - કાવીઠા | નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે |
| ૧૫૧/- શ્રી રમેશભાઈ નરસિંહભાઈ પટેલ - સુણાવ | નવી ગાડી લાવ્યા તે નિમિત્તે |
| ૧૦૦/- શ્રી ભુમિકાબેન પ્રકાશચંદ્ર પટેલ - ભરૂચ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- શ્રી ઘનશ્યામભાઈ મનુભાઈ પટેલ - કરખડી | ચિ. કિરણની પત્નિનું નામ'વૃત્તાલી' પાડ્યું તે નિમિત્તે |
| ૧૦૧/- શ્રી વસંતબેન નરોત્તમદાસ ઝઘડા - મુંબઈ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- શ્રી વ્યોમ મનોજભાઈ પટેલ - મોટા ઘરોળા | જન્મદિવસ પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે |
| ૧૦૦/- શ્રી વિશ્વા મનોજ પટેલ - મોટા ઘરોળા | વર્ષગાંઠ નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે |
| ૧૦૧/- શ્રી ગીતાબેન જગદીશભાઈ પટેલ - નડીયાદ | મનોકામના પૂર્ણ થઈ તે નિમિત્તે |
| ૧૦૧/- શ્રી સમીર મૂળજીભાઈ પટેલ - ભરૂચ | શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- શ્રી અનસુયાબેન હર્ષદભાઈ રાય - નડીયાદ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- શ્રી દિક્ષીતભાઈ એચ. રાય - નડીયાદ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- શ્રી અનસુયાબેન એચ. રાય - નડીયાદ | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- શ્રી કિરીટભાઈ આર. રાય - નડીયાદ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- શ્રી સરોજબેન કિરીટભાઈ રાય - નડીયાદ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- શ્રી દિક્ષીતભાઈ એચ. રાય - નડીયાદ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- શ્રી ડિમ્પુબેન એમ. પટેલ - કરમસદ | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાથે |
| ૧૦૧/- શ્રી ભાગ્યલક્ષ્મી ટ્રેડીંગ કુાં. સુરેશ કે. પટેલ - વલેટવા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- શ્રી હંસાબેન હસમુખભાઈ પટેલ - ભરૂચ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- શ્રી પ્રવિણાબેન પાઠક - વડોદરા | રક્ષાબંધન નિમિત્તે |
| ૧૦૧/- શ્રી પ્રવિણાબેન પાઠક - વડોદરા | શ્વેતાના લગ્ન પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે |
| ૧૦૧/- શ્રી પદમાબેન દેવીદાસ ભારંભે - અમદાવાદ | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૫૦/- શ્રી સંજયસિંહ ભુપતસિંહ રાઓલ - ખંભાત | નવું હિરો હોન્ડા લાવ્યા તે નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે |
| ૨૫૦/- શ્રી રાજેન્દ્રભાઈ આપાભાઈ દેસાઈ - લાછરસ | અ.નિ.શાંતાબેનના સ્મરણાર્થે શ્રી લ. ના. દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- શ્રી કેયુર શુકલ - અમેરિકા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- શ્રી નિલય ભટ્ટ - મુંબઈ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |

| | |
|---|---|
| ૧૦૧/- શ્રી રાજેશભાઈ સોની - વડોદરા | આરો સિસ્ટમ-પાણી માટે ચાલુ કર્યુ તે નિમિત્તે |
| ૧૦૧/- શ્રી કનુભાઈ જેઠાભાઈ પટેલ - સંધાણા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૨૩૪/- શ્રી નવનીતભાઈ બી. પટેલ - યુ.એસ.એ. | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૪૪૮૫/- શ્રી નિરંજનભાઈ વસંતભાઈ પટેલ - યુ.એસ.એ. | વડતાલવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી લ.ના.દેવની પ્રસન્નાર્થે |
| ૨૫૧/- રમેશભાઈ રામસીંગભાઈ પરમાર - વડતાલ | નવું બાઈક લાવ્યા તે નિમિત્ત હા. પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રીની પ્રસન્નાર્થે |
| ૨૫૧/- ધર્મેશભાઈ ઈન્દુભાઈ પટેલ - કરમસદ | હા. પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રીની પ્રસન્નાર્થે નવું બાઈક લાવ્યા તે નિમિત્તે |
| ૧૦૧/- દામિનીબેન મહેશકુમાર પટેલ - નરસંડા | જન્મદિવસ (૨૮/૮) નિમિત્તે |
| ૧૦૧/- રીશી રાજેશ મહેતા - યુ.એસ.એ. | વડતાલવાસી શ્રી લ.ના. દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- શ્રી વિક્રમરાજેશ મહેતા - યુ.કે. | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- શ્રી અંજલી વિક્રમમહેતા - યુ.કે. | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- શ્રી જાનવી વિક્રમમહેતા - યુ.કે. | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- શ્રી નીલા રાજેશ મહેતા - મુલુન્ડ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૫૧/- શ્રી ભરતભાઈ એન. ચૌહાણ - નેત્રંગ | નવી ઈન્ડિકા ગાડી લાવ્યા તે નિમિત્તે |
| ૧૦૦/- શ્રી ઘનશ્યામભાઈ ડાહ્યાભાઈ પટેલ - જામ્બુવા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- શ્રી અ.નિ. ઉર્મિલાબેન રમેશભાઈ પટેલ - ખંભોળજ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- શ્રી અતુલભાઈ જશભાઈ - ઉમરેઠ | દર્શન તથા ધ્વીપના જન્મદિન (૩૧/૮) પ્રસંગે |

**આથી દરેક હરિભક્તોને જાણ કરવામાં આવે છે કે મંદિરમાં આપના તરફથી ભેટની રકમ અથવા કોઈપણ વસ્તુ દાનમાં આપો તો તેની પાકી રસીદ અવશ્ય મેળવી લેવી. રસીદ વિના કોઈ વસ્તુ અથવા રુપિયાનું દાન કોઈને આપવું નહી.**

**- લી.મુખ્યકોઠારીશ્રી - વડતાલ**

# અંકના ગ્રાહક બનો અને બનાવો

# અંક વાંચો અને વંચાવો



વડતાલમાં ૧૫મી ઓગ.-સ્વાતંત્ર્ય દિનની ઉજવણી
કરતા સંતો તથા સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ



વડતાલમાં સંતોના વરંડામાં નવા બનાવેલ આર.સી.સી. રોડનું
ઉદ્‌ઘાટન કરતા પ. પૂ. મહારાજશ્રી તથા મુખ્ય કોઠારીશ્રી અને સંતો





શ્રી સ્વામિનારાયણ વડતાલ મંદિરમાં ઉત્સવનો લાભ લેતા હરીભક્તો





શ્રી સ્વામિનારાયણ મંદિર ભાયંદરમાં હિન્ડોળા મહોત્સવ પ્રસંગે આશીર્વાદ આપતા વડતાલ સંસ્થાનના
ચેરમેન શ્રી તથા મૂખ્ય કોઠારીશ્રીના આશીર્વાદનો લાભ લેતા ભાયંદરના હરીભક્તો



હીરા-નંગ જડિત હિંડોળામાં શોભતા
શ્રી ઘનશ્યામ મહારાજ - અક્ષરભુવન-વડતાલ



હિમાલયની ગુફામાં શિવ સ્વરૂપ ધારણ કરતા
શ્રી ઘનશ્યામ મહારાજ - અક્ષરભુવન-વડતાલ



સુકા મેવાના હિંડોળામાં શોભતા
શ્રી ઘનશ્યામ મહારાજ - શ્રીહરિમંડપ-વડતાલ



થરમોકલ તથા ઝરી,
મોતીના હિંડોળામાં
ઝુલતા શ્રીહરિ
શ્રી સ્વા. મંદિર-મેતપુર





ફ્રુટના
હિંડોળામાં
ઝુલતા
શ્રીહરિ
-
શ્રી સ્વા.
મંદિર ખંભાત